RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 214* Date: 01.06.2022 Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## પીએમ મોદીએ કિસાન સન્માન નિધિનો ૧૧મો હપ્તો પણ રિલીઝ કર્યો

# અમે વોટબેંક બનાવવા માટે નહીં, નવું ભારત બનાવવા માટે કામ કરીએ છીએ : વડાપ્રધાન મોદી

શિમલા,તા.૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હિમાચલ પ્રદેશના શિમલા ખાતે ગરીબ કલ્યાણ સંમેલનમાં ભાગ લીધો. આ દરમિયાન તેમણે ગરીબ કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો. પીએમ મોદીએ કિસાન સન્માન નિધિનો ૧૧મો હપ્તો પણ રિલીઝ કર્યો. લાભાર્થીને કરેલા સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે હમણા દેશના કરોડો ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિના પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા. પૈસા તેમને મળી પણ ગયા. શિમલાની ધરતીથી દેશના ૧૦ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં પૈસા પહોંચાડવાનું સૌભાગ્ય મળ્યું છે.

સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે આજે તેમના જીવનનો એક વિશેષ દિવસ છે અને આ દિવસે તેમને દેવભૂમિને પ્રણામ કરવાની તક મળે તેનાથી મોટું સૌભાગ્ય શું હોઈ શકે. તેમણે કહ્યું કે કોરોનાકાળમાં જે બાળકોએ પોતાના માતા પિતા ગુમાવ્યા તેવા બાળકોની જવાબદારી સંભાળવાની મને તક મળી છે. આવા હજારો બાળકોની દેખભાળનો નિર્ણય અમારી સરકારે લીધો. ગઈ કાલે મે તેમને કેટલાક પૈસા પણ ચેકના માધ્યમથી મોકલાવ્યા.



પીએમ મોદીએ કહ્યું કે ૧૩૦ કરોડ ભારતીયોના સેવક તરીકે કામ કરવાની તમે મને તક આપી, મને સૌભાગ્ય મળ્યું. આજે હું કઈ કરી શકું છું, દિવસ રાત દોડુ છું તો તે ન વિચારો કે આ મોદી કરે છે પણ એમ વિચાર ન કરો કે મોદી દોડે છે. આ બધુ તો દેશવાસીઓની કૃપાથી થાય છે. એક પરિવારના સભ્યના નાતે, પરિવારની આશા-આકાંક્ષાઓ સાથે જોડાવવું, ૧૩૦ કરોડ દશવાસીઓના પરિવાર એ બધુ જ મારા જીવનમાં છે. મારા જીવનમાં તમે બધા જ છો અને આ જિંદગી તમારા માટે જ છે. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ પહેલાની સરકારે ભ્રષ્ટાચારને સિસ્ટમનો જરૂરી ભાગ માની લીધો હતો. ત્યારની સરકાર ભ્રષ્ટાચાર સામે લડવાની જગ્યાએ તેની આગળ ઘૂંટણિયા ટેકી ચૂકી હતી. ત્યારે દેશ જોઈ રહ્યો હતો કે યોજનાઓના પૈસા જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચે તે પહેલા જ લૂંટાઈ જાય છે. પરંતુ આજે ધન ધન ખાતા દ્વારા મળતા ફાયદાઓ અંગે ચર્ચા થાય છે. જન ધન- આધાર અને મોબાઈલથી બનેલી ત્રિશક્તિની ચર્ચા થાય છે. પહેલા રસોડામાં ધૂમાડો સહન કરવાની મજબૂરી હતી પરંતુ આજે ઉજ્જવલા યોજનાથી સિલિન્ડર મેળવવાની સગવડ છે. ભ્રષ્ટાચાર પર વધુ બોલતા પીએમએ કહ્યું કે પીએમ આવાસ યોજના હોય, સ્કોલરશીપ આપવાની હોય કે પેન્શન યોજનાઓ હોય, ટેક્નોલોજીની મદદથી અમે ભ્રષ્ટાચારના સ્કોપને ઓછામાં ઓછો કરી દીધો છે. જે સમસ્યાઓને પહેલા પરમેનન્ટ ગણી લેવામાં આવી હતી તેના પરમેનન્ટ સોલ્યુશન આપવા માટેના અમે પ્રયત્નો કરીએ છીએ.

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યુ કે ૨૦૧૪ પહેલા દેશની સુરક્ષા અંગે ચિંતા હતી, આજે સર્જિકલ સ્ટ્રાઈક-એર સ્ટ્રાઈકનું ગૌરવ છે. આજે આપણી સરહદો પહેલા કરતા વધુ સુરક્ષિત છે. અમારી સરકારે ચાર દાયકાના ઈન્તેજાર બાદ વન રેન્ક વન પેન્શન લાગૂ કર્યું. આપણા પૂર્વ સૈનિકોને એરિયરના પૈસા આપી દીધા. જેનો મોટો લાભ હિમાચલના દરેક પરિવારને થયો છે.

પીએમએ કહ્યું કે આપણા દેશમાં દાયકાઓ સુધી વોટબેંકની રાજનીતિ થઈ છે. પોત પોતાની વોટબેંક બનાવવાના રાજકારણે દેશને ખુબ નુકસાન કર્યું છે. અમે વોટબેંક બનાવવા માટે નહીં પરંતુ નવું ભારત બનાવવા માટે કામ કરી રહ્યા છીએ. ૨૦૧૪ પહેલા જયારે હું તમારી વચ્ચે આવતો હતો ત્યારે કહેતો હતો કે ભારત દુનિયા સામે આંખ ઝૂકાવીને નહીં આંખ મિલાવીને વાત કરશે. આજે ભારત મજબૂરીમાં મિત્રતાનો હાથ આગળ નથી વધારતો, પણ મદદ માટે હાથ આગળ વધારે છે.

સંબોધનમાં તેમણે કહ્યું કે ૨૧મી સદીના બુલંદ ભારત માટે આવનારી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કામ કરવાનું છે. એક એવું ભારત જેની ઓળખ અભાવ નહીં પરંતુ આધુનિકતા હોય. ભારતવાસીઓના સામર્થ્ય આગળ કોઈ પણ લક્ષ્ય અસંભવ નથી. આજે ભારત દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થાઓમાંથી એક છે. ભારતમાં રેકોર્ડ વિદેશી રોકાણ થઈ રહ્યું છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે રાજ્યની મદદ માટે પ્રધાનમંત્રીનો આભાર માન્યો છે. તેમણે હિમાચલને ૩ મેડિકલ કોલેજ અને એઈમ્સની ભેટ આપવા માટે પ્રધાનમંત્રી મોદીનો આભાર માન્યો હતો. આ પહેલા પીએમ મોદીએ શિમલાના રિજ મેદાનના રસ્તામાં તેમના સ્વાગતમાં ઉભેલા લોકોનું ગાડીથી ઉતરીને અભિવાદન કર્યું હતું. લોકોએ પીએમના કાફલા પર ફૂલો વરસાવ્યા હતા.

# બિહારમાં ચારા કૌભાંડ જેવું અનાજ કૌભાંડ, ભ્રષ્ટાચારી અધિકારીઓનું ૭૦ કરોડ રૂપિયાનું ગબન

કેમુર,તા.૩૧

બિહારમાં એકવાર ફરી મોટું કૌભાંડ સામે આવ્યું છે કેમુર જીલ્લામાં થયેલ અનાજ કૌભાંડમાં સરકારી અધિકારીઓ પર સાંઠગાંઠ દ્વારા ૭૦ કરોડ રૂપિયાનું ગબન કરવાનો આરોપ લગાવ્યો છે.જો કે હજુ સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી

સરકારી સ્તાર પર વિભાગીય તપાસમાં ચારા કૌભાંડની જેમ કેમુરમાં થયેલ અનાજ કોભાંડે બધાને ચોંકાવી દીધા છે આ નકલી વાહનો પર પણ અનાજની ઢુલાઇ બતાવી કરોડો રૂપપિયાનું ગબન કરવામાં આવ્યું છે.આ મામલામાં જીલ્લાના સરકારી અધિકારીએ આ પૈસાની વસુલી માટે હજુ કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી

જાણકારી અનુસાર આ પહેલા સૌથી મોટું અનાજ કૌભાંડ વર્ષ ૨૦૧૩-૧૪માં રાજય ખાદ્ય નિગમના કેમુર જીલ્લા પ્રબંધક અરવિંદકુમાર મિશ્રાના કાર્યકાળમાં થયું હતું જયાં મિલીભગત દ્વારા ૫૦ કરોડ રૂપિયા ગબન થયા છે. ત્યારબાદ કેમુર જીલ્લામાં અનાજ કૌભાંડને લઇ અનેક વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી રાજય ખાદ્ય નિગમ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩થી લઇ ૨૦૧૬-૧૭ સુધી ૨૧ મિલરો પર અનાજ કૌભાંડને લઇ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી મિલરો(મિલ માલિક) પર સરકારના ૭૦ કરોડ ૭૨ લાખ ૫ હજાર ૬૬૯ રૂપિયા ગબનનો આરોપ હતો.બેદરકારી દાખ૭વવાને લઇ રાજય ખાદ્ય નિગમના તે સમયના જીલ્લા પ્રબંધક અરવિંદ કુમાર મિશ્રાની વિરૂધ્ધ તપાસ માટે ટીમની રચના કરવામાં આવી હતી સરકારી બાબુઓની બેદરકારીના કારણે વર્ષ ૨૦૧૨-૧૩થી લઇ અત્યાર સુધી આ મિલરોથી ફકત ૨૯ લાખ ૮૭ હજાર ૯૮૫ રૂપિયાની જ રિકવરી થઇ શકી છે. વિભાગના હજુ પણ ૭૦ કરોડ ૪૨ લાખ ૧૭ હજાર ૬૮૪ રૂપિયા બાકી છે પરકંતુ તમામ સરકારી અધિકારી ગબન બાદ પણ ચુપકીદી સાધીને બેઠા છે જો સરકારી આંકડા પર ધ્યાન આપવામાં આવે તો વર્ષ ૧૨-૧૩માં આઠ કરોડ ૪૯ લાખ ૧૨ હજાર ૧૦૬ રૂપિયાના અનાજનું ગબન થયું હતું જેમાં વિભાગ દ્વારા ૨૯ લાખ ૮૭ હજાર ૯૮૫ રૂપિયાની જ વસુલી થઇ છે.

જયારે વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૦ કરોડ ૧૯ લાખ ૯૨ હજાર ૧૩૪ રૂપિયાનું ગબન થયું પરંતુ આજ સુધી આ રકમની વસુલી થઇ શકી નથી વર્ષ ૨૦૧૪-૧૫માં ૯ કરોડ ૯૦ લાખ ૯૪ હજાર ૪૪૯ રૂપિયાના ગબનની પ્રાથમિકી દાખલ થઇ પરંતુ વસુલી એક પણ પૈસો કરવામાં આવી નથીઆજ વર્ષ ૧૫-૧૬માં ૭૫ લાખ ૧૫ હજાર ૭૧ રૂપપિયાનું ગબન થયું પરંતુ એક પણ વસુલી થઇ શકી નથી વર્ષ ૨૦૧૬-૧૭માં ૨ કરોડ. ૨૦ લાખ ૯૧ હજાર ૯૦૭ રૂપિયાનું ગબન થયું પરંતુ વસુલી શ શૂન્ય રહી

આ રીતે ૨૦૧૨-૧૩થી લઇ અત્યાર સુધી ૭૦ કરોડ ૭૨ લાખ ૫૦ હજાર ૬૬૯ રૂપિયાનું ગબન થયું અને વસુલી માત્ર ૨૯ લાખ ૮૭ હજાર ૯૮૫ રૂપિયાની જ થઇ શકી છે.વિભાગની હજુ પણ ૭૦ કરોડ ૪૨ લાખ ૧૭ હજાર ૬૮૪ રૂપિયા મિલરોની ઉપર બાકી છે.

# ફકત કબુલાતના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીઃ સુપ્રીમ

નવીદિલ્હી,તા.૩૧

સર્વોચ્ચ અદાલતે હત્યાના એક આરોપીને મુક્ત કરતા ચુકાદામાં જણાવ્યું હતું કે કોર્ટ અને પોલીસ ઉપરાંત ત્રીજી વ્યક્તિ સામે ગુન્હાની કબુલાત (એકસ્ટ્રા જયુડીશ્યલ કધફેશન)ના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય નહી. આ પ્રકારના નિવેદન કે કબુલાતમાં પુરક સાક્ષી હોવા જરૂરી છે અને જો તેમ ન હોય તો આ પ્રકારના પુરાવા નબળા ગણી શકાય.



સર્વોચ્ચ અદાલતે વ્યકત કરેલું. આ નિરીક્ષણ અનેક કેસમાં મહત્વનું બની જશે. છતીસગઢમાં હત્યાના એક આરોપીને ટ્રાયલ કોર્ટે જે આજીવન કારાવાસની સજા ફટકારી હતી અને તેની સામે આરોપીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચુડની ખંડપીઠે સ્પષ્ટ મંતવ્યમાં કહ્યું કે અપરાધમાં જો કોઈ સહ આરોપી કોઈ ત્રીજી વ્યક્તિ (પોલીસ કે અદાલત) સામે ગુન્હાની કબુલાત આપતો હોય તો પણ તે પૂરક પુરાવો થઈ શકે છે પણ ફકત આ પ્રકારની કબુલાત કે વિધાનોના આધારે જ આરોપીને દોષી ઠરાવી શકાય નહી. આ માટે સ્વતંત્ર સાક્ષી કે સાંકળતા પુરાવા હોવા જરૂરી છે અને તેની ગેરહાજરીમાં આ પ્રકારની સહઆરોપીના નિવેદનને પુરાવો ગણી શકાય નથી. છતીસગઢમાં બે લોકોની થયેલી હત્યામાં ટ્રાયલ કોર્ટ ચાર આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

# રાજયસભાની ચુંટણી : સોનિયા ગાંધીની ઓફર ઠુકરાવતા ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન

રાંચી,તા.૩૧

ઝારખંડમાં રાજયસભા ચુંટણીના ઉમેદવારોની ચર્ચાએ કોંગ્રેસ અને જેએમએમની વચ્ચે અંતર પેદા કરી દીધુ છે.કોંગ્રેસનો પુરો પ્રયાસ હતો કે આ વખતે રાજયસભામાં ઝારખંડથી તેમનો ઉમેદવાર જાય અને મુખ્યમંત્રી હેમંત સોરેનની પાર્ટી તેને સમર્થન આપે.કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ હેમંત સોરેનથી મુલાકાત કરી લાંબી ચર્ચા કરી પરંતુ આમ છતાં અંતે કોંગ્રેસના હાથ ખાલી જ રહી ગયા અને એકવાર ફરી ઝારખંડથી જેએમએમના ઉમેદવાર ચુંટણી લડી રહ્યાં છે અને પાર્ટીએ જાહેરાત કરી દીધી છે કે મહુઆ માજી તેમના ઉમેદવાર રહેશે

એવું પહેલા એવા અહેવાલો હતાં કે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ રાજેશ ઠાકુર રાજયસભા ઉમેદવાર જાહેર કરી શકે છે.એવી અટકળો પણ હતી કે હેમંત સોરેન કોંગ્રેસની ઓફરને માની લેશે પરંતુ હવે જેએમએમે મહુઆ માજીને ઉમેદવાર જાહેર કરી મોટો દાવ ખેલ્યો છે.સોનિયા ગાંધીની ઓફરને ઠુકરાવી કારણ કે આ નિર્ણય થયો છે એવામાં તેનું મહત્વ વધુ નિકળી રહ્યું છે. જોકે રાજેશ ઠાકુરે કહ્યું કે મહુઆ માજીને ઉમેદવાર જાહેર કરવો જેએમએમનો ખાનગી નિર્ણય છે કોંગ્રેસથી કોઇ મત લેવામાં આવ્યો નથી તેમણે એ પણ કહ્યું કે તે આ મુદ્દાને લઇ અવિનાશ પાંડેથી વાત કરી ચુકયા છે.

જયારે મુખ્યમંત્રી હેમંત સોરેને પાર્ટીના આ નિર્ણયનો તમામ શ્રેય જેએમએમ અધ્યક્ષ શિબુ સોરેનને આપી રહ્યાં છે તેમણે ખુદને આ નિર્ણયથી દુર રાખતા કહ્યું કે મહુઆ માજીને ઉમેદવાર બનાવતા પહેલા ખુબ ચર્ચા કરવામાં આવી હતી સોનિયા ગાંધીથી પણ જે મુલાકાત થઇ હતી તેમની તમામ માહિતી શિબુ સોરેનને આપવામાં આવી હતી ત્યારબાદ જ મહુઆ માજીને રાજયસભા ઉમેદવાર બનાવવાની સહમતિ બની હતી હાલ તેમના આ એક નિર્ણય બાદથી ઝારખંડ કોંગ્રેસમાં નારાજગી સ્પષ્ટ નજરે પડી રહી છે અનેક નેતા નિવેદનથી પણ બચી રહ્યાં છે કોંગ્રેસના પ્રવકતા રાજીવ રંજને આ બાબતે કંઇ પણ કહેવાનો ઈન્કાર કર્યો અને તેમણે વરિષ્ઠ નેતાઓ સાથે ચર્ચા કરવાની વાત કરી હતી બીજી તરફ હેમંત સોરેને કહ્યું કે હું સીધી વાત કરવાનું પસંદ કરૂ છું પરંતુ હાલ ગઠબંધનથી બંધાયેલો છું જેનું સમ્માન કરવું જોઇએ તેમના આ એક નિવેદને પણ અટકળોનું બજાર ગરમ કરી દીધુ છે અને રાજયની રાજનીતિનું તાપમાન વધી ગયું છે.

# જમ્મુ કાશ્મીરના અવંતિપુરામાં એનકાઉન્ટર, બે આતંકી ઠાર

શ્રીનગર,તા.૩૧

જમ્મુ કાશ્મીરના અવંતિપુરામાં સુરક્ષાકર્મીઓ અને આતંકીઓ વચ્ચે એનકાઉન્ટર ચાલી રહ્યુ છે. આ એનકાઉન્ટરમાં સુરક્ષાકર્મીઓએ બે આતંકીઓને ઠાર માર્યા છે. આ આતંકીઓ પાસેથી બે એકે-૪૭ રાઈફલ જપ્ત કરવામાં આવી છે. જે બે આતંકીઓને સુરક્ષાકર્મીઓએ ઠાર માર્યા છે તેમની ઓળખ શાહિદ રથર અને ઉમર યુસુફ તરીકે થઈ છે. શાહિદ ત્રાલનો રહેવાસી છે જયારે ઉમર યુસુફ શોપિયાંનો રહેવાસી છે. એનકાઉન્ટર ખતમ થયા બાદ સુરક્ષાબળો દ્વારા સર્ચ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. રિપોર્ટ મુજબ અથડામણ એ વખતે શરુ થઈ જયારે સુરક્ષાબળોની સંયુક્ત ટીમ સર્ચ અભિયાન ચલાવી રહી હતી. તેમને વિસ્તારમાં આતંકીઓ છૂપાયા હોવાની સૂચના મળી હતી. એ વખતે જયાં આતંકી છૂપાયા હતા ત્યાંથી ગોળીબાર થવા લાગ્યો જેની જવાબી કાર્યવાહીમાં સુરક્ષાબળોને પણ ગોળીબાર કરવો પડ્યો. આના એક દિવસ પહેલા સમાચાર આવ્યા હતા કે પુલવામા જિલ્લામાં સુરક્ષાબળો સાથે આખી રાત ચાલી અથડામણમાં જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદી ઠાર મરાયા છે. પોલિસે સોમવારે આ માહિતી આપી હતી. પોલિસના એક પ્રવકતાએ જણાવ્યુ કે આ મહિનાની શરુઆતમાં પોલિસ કૉન્સ્ટેબલ રિયાજ અહેમદની હત્યામાં શામેલ એક આતંકવાદી પણ આ અથડામણમાં ઠાર મરાયો હતો.

પોલિસ પ્રવકતાએ જણાવ્યુ કે પુલવામાના ગુંડીપુરમાં રવિવારે રાતે સુરક્ષાબળોએ આતંકવાદીઓને શોધવા માટે વિસ્તારની ઘેરાબંધી કરીને સર્ચ અભિયાન શરુ કર્યુ હતુ.

## દુનિયામાં ૪૦૦ કરોડ લોકોને પાણીના ફાંફા

# ભારતમાં ભીષણ ગરમી અને લૂ વચ્ચે અનેક રાજ્યોમાં જળસંકટે મોઢુ ફાડ્યું છે

નવીદિલ્હી,તા.૩૧

ભારતમાં ભીષણ ગરમી અને લૂ વચ્ચે અનેક રાજ્યોમાં જળસંકટે મોઢુ ફાડ્યું છે. માત્ર ભારત જ નહીં વિશ્વના અનેક દેશોમાં પાણીની કટોકટી ઉદ્દભવવાનું શરુ થયું છે અને ૨૦૩૦ સુધીમાં દુનિયાના ૭૦ કરોડ લોકોને પાણી માટે હીજરત કરીને અન્ય ભાગોમાં સ્થળાંતર કરવું પડે તેવી પરિસ્થિતિ સર્જાવાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

પાટનગર દિલ્હીથી માંડીને આર્થિક રાજધાની મુંબઈ અને સરહદી રાજ્ય જમ્મુ-કાશ્મીરના લોકો જળસંકટનો સામનો કરી રહ્યા છે. આવી જ હાલત દુનિયામાં છે અને અનેક દેશોની સરકાર પાણીની મુશ્કેલી રોકવા અનેકવિધ વિકલ્પો તૈયાર કરી રહી છે. મહારાષ્ટ્રમાં ચોમાસા પૂર્વે પાણીની હાલત વિકટ બનવા લાગી છે. મુંબઈમાં પર્યાપ્ત માત્રામાં લોકોને પાણી મળતુ નથી. નાસિકના અનેક ગામડાઓમાં જળસંકટનો ૫૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. મિરઝાપુર પંથકમાં ત્રણ દિવસે લોકોને માથાદીઠ માત્ર ૧૫ લીટર પાણી મળી રહ્યું છે. નાસિકમાં તો પાણીની કટોકટીને ધ્યાનમાં રાખીને લોકો ઘરનો પ્રસંગથી માંડીને અનેક પ્રસંગો પણ સ્થગિત કરવા લાગ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં પણ હાલત ખરાબ છે. શ્રીનગરમાં પાણી માટે લોકોને કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવાનો વખત આવ્યો છે અને જીવન વ્યવહાર પર પણ ગંભીર અસર થઈ છે.અનેક ક્ષેત્રોમાં બે-બે દિવસે એક વખત પાણી મળી રહ્યું છે. રાજસ્થાનના પાલી જિલ્લામાં પાણીના સ્ત્રોત સંપૂર્ણ ખત્મ થઈ જતાં રાજ્ય સરકાર દ્વારા ટ્રેન માર્ગે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. બાડમેર અને જેસલમેરમાં પણ પાણી મેળવવા માટે લોકોને અનેક કિલોમીટર સુધી ભટકવું પડી રહ્યું છે. પાટનગર દિલ્હીમાં યમુનાની સપાટી નીચે સરકાવાને કારણે જળસંકટ ઉભુ થયું છે. કોર્પોરેશન દ્વારા ૧૨૫ એમએલડી પાણીની સપ્લાય કરવામાં આવે છે.

છેલ્લા ૧૦ દિવસથી તે ઘટીને ૬૦ થી ૭૦ એમએલડી થઈ ગઈ છે. સમગ્ર ભારતના ચિત્ર પર નજર નાખવામાં આવે તો ૬ ટકા વસ્તીને પીવાનું શુધ્ધ પાણી મળતું નથી. દુનિયાનાં કુલ ભુગર્ભ જળમાં ૨૫ ટકા માત્ર ભારતમાં જ છે.

## તંત્રી સ્થાનેથી...

# તાલિબાને પોત પ્રકાશ્યું

તાલિબાનોએ અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનની મદદથી કબ્જો જમાવી લીધા બાદ જે આશંકાઓ પેદા થઈ હતી તે સાચી સાબિત થવા લાગી છે. માનવામાં આવતું હતું કે તાલિબાનોના વલણમાં કશો બદલાવ આવવાનો નથી અને પાકિસ્તાન પણ તેનો સહયોગ કરવાનું બંધ નથી કરવાનું, એવું જ થતું દેખાઈ રહ્યું છે અને તેની પુષ્ટિ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના આતંકવાદ પર આવેલા તાજા રિપોર્ટથી થાય છે. આ રિપોર્ટ અનુસાર અફઘાનિસ્તાનમાં પાકિસ્તાન આધારિત જૈશ અને લશ્કર જેવા આતંકી સંગઠનોને પ્રશિક્ષણ આપવાનું કામ જોરશોરથી થઈ રહ્યું છે. તેનો સીધો મતલબ છે કે ભારત માટે ખતરો વધવાનો છે. તેની અવગણના ન કરી શકાય કે કાશ્મીરમાં સક્રિય આતંકીઓ પાસે કંઇક એવા જ હથિયાર અને ઉપકરણો આવી ગયા છે જે તાલિબાને અફઘાનિસ્તાનમાં આવેલ અમેરિકી સૈન્ય ઠેકાણાં પરથી મેળવ્યાં હતાં. સ્પષ્ટ છે કે આ હથિયારો અને ઉપકરણોને કાશ્મીરમાં સક્રિય આતંકીઓ સુધી પહોંચાડવાનું કામ પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યું.

ભલે પાકિસ્તાનમાં સત્તા બદલાઈ ગઈ હોય, પરંતુ તેના કોઈ સંકેત નથી કે ભારત પ્રત્યે તેના વલણમાં કોઈ બદલાવ આવ્યો હોય. તેનું પ્રમાણ પાકિસ્તાનથી કાશ્મીરમાં થનારી આતંકીઓની ઘૂસણખોરીથી થાય છે અને ઘાટીમાં કાશ્મીરી હિંદુઓ સાથે બીજા પ્રાંતોના લોકોને ખાસ નિશાનો બનાવવાની વધતી ઘટનાઓથી પણ. એના પર પ્રભાવી લગામ લાગતી દેખાતી નથી, તેથી એ નિષ્કર્ષ પર પહોંચવા સિવાય બીજો આરો નથી કે પાકિસ્તાનમાં આતંકીઓના દુસ્સાહસનું દમન નથી થઈ રહ્યું. પાકિસ્તાન જે રીતે ભારત માટે ખતરો બનેલાં આતંકી સંગઠનોને પોષિત કરી રહ્યું છે તેના પર ભારતે ગંભીરતાથી ધ્યાન આપવું પડશે. તેનાથી સંતુષ્ટ ન થઈ શકાય કે હાલમાં જાપાન ક્વોડ દેશોના સંમેલનમાં આતંકી સંગઠનોને પાકિસ્તાન તરફથી મળી રહેલા સહયોગ-સમર્થનનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને ગત દિવસોમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે તાજિકિસ્તાનમાં ક્ષેત્રીય દેશોના એક સંમેલનમાં આતંકવાદ મુક્ત અફઘાનિસ્તાનની વકીલાત કરી, કારણ કે ના તો તાલિબાન સુધરવા માટે તૈયાર દેખાય છે, કે ના પાકિસ્તાન. વિશ્વ સમુદાય જોકે આતંકી ફંડિંગ ચાલુ રહેવા મુદ્દે પોતાની ચિંતા વારંવાર વ્યક્ત તો કરે છે, પરંતુ સચ્ચાઈ એ છે કે તેના પર કોઈ લગામ નથી લાગી શકી. આ લગામ ત્યાં સુધી લાગવાની પણ નથી જ્યાં સુધી પાકિસ્તાનને દંડિત કરવાથી બચવામાં આવશે. એ યોગ્ય નથી કે આતંકવાદને પોષવામાં રત પાકિસ્તાન વિરુદ્ધ કોઈ કઠોર કાર્યવાહી પણ નથી કરાઈ રહી.

# સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજમાં ગુજરાતની પ્રથમ સરકારી અગદની OPD નો શુભારંભ

સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ તથા સંલગ્ન હોસ્પિટલની સ્થાપના ઇ.સ.૧૯૫૬માં થઈ હતી, જે અમદાવાદની જુનામાં જુની આયુર્વેદ કોલેજ છે ,તેમાં BAMS ની ૯૪ સીટ છે તથા ૨ ની ૨૬ સીટ છે. આ સંસ્થામાંથી અંદાજીત ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ BAMS(ગ્રેજયુએટ) પુરુ કરીને તથા ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ MS/MD પૂરું કરીને ગુજરાતમાં તથા દેશમાં જુદી જુદી જગ્યાએ ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે . આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના નિયામકશ્રી આયુષ કચેરી વૈદ્ય જયેશ પરમાર અને આચાર્યશ્રી સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ વૈદ્ય હર્ષિત શાહના માર્ગદર્શન હેઠળ આજ રોજ તારીખ ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ ગુજરાતની પ્રથમ સરકારી અગદની OPD નો શુભારંભ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત ધન્વંતરિ પૂજન કરીને વિષઘ્ન વનસ્પતિનું રોપણ માનનીય મુખ્ય અતિથિના હસ્તે કરવામાં આવ્યુ, ત્યારબાદ તેઓએ વિષ ચિકિત્સા કેવી રીતે લોક ઉપયોગી થઈ શકે અને તેનો પ્રચાર પ્રસાર કરવા માટેનું માર્ગદર્શન આપ્યું. આજકાલ રોજબરોજના વપરાશમાં આવતી વસ્તુઓ જેવી કે કેમિકલ યુક્ત પદાર્થો, વિરુદ્ધ આહાર, જાણતા - અજાણતા વિષના સંપર્કમાં આવતા લાંબા ગાળે શરીરમાં જે લક્ષણો ઉત્પન્ન થાય છે તેનું યોગ્ય નિદાન કરી તેની ચિકિત્સા આ OPD ના અંતર્ગત કરવામાં આવશે.

૩૧ મે ના દિવસને ‘વર્લ્ડ નો ટોબેકો’ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેની થીમ આ વર્ષે વિશ્વ આરોગ્ય સંગઠન(WHO) તરફથી “Tobacco: Threat to our environment”હતી, જેના અંતર્ગત અગદતંત્ર વિભાગ તરફથી જન જાગૃતિ ક આ સફળ કાર્યક્રમનું આયોજન નાયબ અધિકક્ષકશ્રી વૈદ્ય વી.આર.જાડેજા, આર. એમ.ઓશ્રી વૈદ્ય પલ્લવી પરીખ ,અગદતંત્ર વિભાગાધ્યક્ષશ્રી વૈદ્ય સંતોષી માને તથા સહાયક પ્રાધ્યાપકશ્રી વૈદ્ય જાનકી ગજ્જર દ્વારા કરવામાં આવ્યું.

# અમદાવાદ જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની આગવી પહેલ

રાજય સરકારના મુખ્યમંત્રીશ્રીની સંવેદનશીલ અને પારદર્શક વહીવટની પહેલને સાર્થક કરવા અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત, અમદાવાદ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ ગુજરાત રાજયમાં અનોખી અને નૂતન પહેલ સ્વરૂપે આવાસ મિત્ર હેલ્પલાઈનનો શુભારંભ કર્યો છે. આ હેલ્પલાઈનનો નંબર છે - ૮૧૪૧૦૨૨૩૩૩. આ વોટ્સએપ ચેટ થઈ શકે એવા આવાસ મિત્ર હેલ્પલાઈન નંબર થકી પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ આંબેડકર આવાસ યોજના સહિતની યોજનાઓની જાણકારી મેળવી શકાશે અને સમસ્યાઓની રજૂઆત થઈ શકશે. આવાસ મેળવવા માંગતા છેવાડાના લાભાર્થીઓને પોતાના મકાનને લગતી તમામ સમસ્યાઓ તેમજ તેઓને મળવાના બાકી રકમના લાભો રાજ્ય સરકાર પાસે તેવો હકપૂર્વક માગી શકે તે માટે વોટ્સએપ હેલ્પલાઇન નંબર ૮૧૪૧૦૨૨૩૩ શરું કરવામાં આવ્યો છે. આ નંબર 24x7 ઉપલબ્ધ રહેશે. જિલ્લાના લાભાર્થીઓ પોતાની સમસ્યાઓ લખીને આ નંબર પર વોટ્સઅપ મેસેજ કરીને રાજ્ય સરકારને સીધા જણાવી શકશે. ઉપરાંત આવાસ યોજનાની બાકીની રકમ, અન્ય વિગતો પણ જાણી શકશે. મેસેજ મળ્યાં બાદ જિલ્લાની મોનિટરિંગ ટીમ દ્વારા સ્થળ પર મુલાકાત લઈને સમસ્યાઓનું નિરાકરણ અગ્રતાને ધોરણે કરવામાં આવશે.

- મનીષા પ્રધાન

# સત્ય ની આંખે (ભાગ- ૧૩)




**આધુનિક સમજુ યુવતીઓને ખરેખર તો એવા પતિ ગમે છે, જે બાહ્ય સૌંદર્ય કરતાં એના પતિનું આત્મીય સૌંદર્ય એના દરેક કાર્યને સમજી શકે ""**

લગ્ન એની સાથે ના કરાય જે દેખાવ અને દુનિયા ની નજરે ખાલી ખૂબસૂરત હોય ,પણ લગ્ન એની સાથે કરાય જે આપણી દુનિયાને ખૂબસૂરત ? બનાવી દેવા માટે સક્ષમ હોય.

પહેલાં હંમેશાં એક જ વાક્ય સાંભળવા મળતું હતું કે ‘દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે’, પરંતુ આજે જમાનો બદલાઈ ગયો છે. આજે કહી શકાય કે, ‘દરેક સફળ પુરુષની સાથે એક સ્ત્રી હોય છે,’ અને આ જરા પણ ખોટું નથી. પોતાની કારકિર્દી એટલે કે કામને મહત્ત્વ આપતી સ્ત્રીઓ માટે આજની નારી બનવું ખરેખર ચેલેન્જિંગ હોય છે, પુરુષે માત્ર ઘરની બહારની દુનિયામાં જીત મેળવવા ઝઝૂમવું પડે છે જ્યારે એ જ સ્ત્રીને ઘર અને બહારના બન્ને મોરચા બરાબર રીતે સંભાળવા પડે છે, અને ત્યારે જ તે પોતાની કંઈક અલગ ઓળખ, પહેચાન બનાવવામાં સફળ થતી હોય છે, પછી તે દુનિયાના ગમે તે દેશનો ખૂણો હોય, પણ સ્ત્રીઓને સોંપાયેલાં કામ, ઘરસંસારની જવાબદારી બધે જ સરખી હોય છે.આકાશમાં ઊડવું હોય તો પાંખો અવશ્ય ફેલાવવી પડે, પરંતુ એ માટે બુદ્ધિ સાથે ધગશ પણ જોઈએ, મહેનત કરવાની તૈયારી જોઈએ. આપણી અંદર રહેલી શક્તિઓની ઓળખ સૌપ્રથમ આપણે જ કરવી રહી. અને તો જ તેની બહાર જગતમાં કદર થશે. દરેક માણસમાં અલગ ખાસિયત અને શક્તિઓ છુપાયેલી રહે છે, જેની ઓળખ તેણે જાતે જ કરવાની હોય છે. કેટલાકની અંદર બુદ્ધિ-શક્તિ પહેલેથી જ ભરી પડી હોય છે તો કેટલાકને એ મહેનત દ્વારા વિકસાવવી પડે છે. કોઈ કહે કે, મને કોઈ શોખ નથી કે મારામાં કોઈ આવડત નથી, તો તે ખોટું કહે છે. દરેકની અંદર શોખ અને આવડત છુપાયેલાં હોય છે. તેને બહાર કાઢવાની જરૂર છે. શોખ ના હોય તો તેને વિકસાવવો, આવડત ના હોય તો શીખી લેવું જોઈએ. કોઈ પણ કાર્ય ખુશીથી હાથમાં લો પછી તેને સમય આપો તો એનો વિકાસ થતાં વાર નહિ લાગે, અને તેમાંથી નામ અને દામ બન્ને મેળવી શકશો.

આજની નારીએ સમાજના રૂઢિચુસ્ત વિચારોને ફગાવી પોતાની પ્રગતિનો માર્ગ જાતે મોકળો કર્યો છે. પુરુષોના માથે તો સ્વતંત્રતાનો મુગટ સદીઓથી વરેલો હતો અને તેનો લાભ ગેરલાભ તેમણે આજ સુધી પૂરતા પ્રમાણમાં લીધો છે, પરંતુ હવે સમાજમાં વધતું જતું શિક્ષણ દરેકના વિચારોને ધીરે ધીરે બદલી રહ્યું છે તે આનંદની વાત છે અને સાથે એવા ઘણા સમજદાર પુરુષો પણ છે જે પોતાની સ્ત્રીને આગળ વધવા એને જોઈતી મોકળાશ અને અન્ય સહારો આપવા તત્પર રહે છે.

સ્ત્રીઓની હંમેશાં એક ખાસિયત રહી છે. સ્ત્રીઓ એકસાથે અનેક કામ એક સમયે કરી શકે છે. ઘરકામ કરતાં કરતાં તે બાળકોને ભણાવી શકે છે, પતિની વાતો સાંભળી તેને યોગ્ય સલાહ આપી શકે છે. ઓફિસમાં નોકરી કરતી સ્ત્રીઓ તો રસોડામાં તેમનું લેપટોપ રાખી રસોઈ સાથે ઓફિસનું કામ પણ કરી શકે છે. આને કહેવાય સુપરવુમન. સુપરવુમન માત્ર શબ્દોથી બની શકાતું નથી. એના માટે સ્ત્રીઓએ જાતે જ કર કસવાની હોય છે. બિચારી બનીને જીવવા કરતાં પોતાના પગ પર ઊભાં રહેવાની ક્ષમતા કેળવવાની જરૂર છે.જ્યારે એક સ્ત્રી પત્ની, માતા, ગૃહિણી – બધા રોલ સાથે નિભાવી શકે તેમ છે, થોડા હળવા શબ્દમાં કહું તો રસોડામાં ગેસ પર શાકનાં વઘારની સાથે રોટલી ચડાવતાં એ ટીવી સિરિયલ જોઈ શકે છે. સાસુ-વહુના ઝઘડામાં ટાપસી પણ પૂરી શકે છે. દુઃખના પ્રસંગમાં રડી પણ શકે અને સુખમાં હસી પણ શકે છે. આ છે સ્ત્રીઓની કાર્યદક્ષતા. છતાં એના એક પણ કામમાં કચાશ રહેતી નથી. દરેક કામમાં જાત રેડી દેવાની તેની આદત હોવાથી સ્ત્રીઓ દરેક ક્ષેત્રમાં પોતાનું એક ચોક્કસ સ્થાન બનાવી શકે છે. બસ સ્ત્રીઓએ પોતાની આ આવડતને ઓળખવાની જરૂર છે.

પુરુષોની તુલનાએ સ્ત્રીઓની નિર્ણયશક્તિમાં લાગણીનો પ્રભાવ વધુ હોય છે. આથી તે જે કાર્ય હાથમાં લે છે તેને આગવી સૂઝ સાથે પૂરેપૂરી લગનથી એ પૂરુ કરે છે. એટલા માટે જ ઉચ્ચ કક્ષાએ પહોંચેલી સ્ત્રીઓ બહુ સક્સેસફુલ હોય છે.કોઈ પણ સંજોગોમાં સ્ત્રીઓએ પણ પોતાનાં થતાં વખાણથી ભરમાઈને ભોળવાઈ જવું જોઈએ નહિ. લપસણી ભૂમિ ઉપરનું આ પહેલું પગથિયું છે. નોકરી કરતી સ્ત્રીઓએ આ વાત ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે.

સમાજે એક વાત સ્વીકારી લેવાની જરૂર છે કે સ્ત્રીઓ કદીયે નિર્બળ કે બિચારી રહી જ નથી. હા, તેનામાં બલિદાનની ભાવના વધુ રહે છે. પરિણામે તે નિર્બળ લાગે છે. આપણાં પુરાણોમાં પણ નારીઓનું મહત્ત્વ અને પ્રદાન જરા પણ ઓછું ગણી શકાય એમ નથી. રામાયણની સીતા હોય કે મહાભારતની દ્રૌપદી હોય, ગાંધારી હોય કે રાવણની પત્ની મંદોદરી હોય. અને પ્રેમ અને બલિદાનમાં રાધા હોય કે લક્ષ્મણની પત્ની ઊર્મિલા હોય – આપણાં પુરાણોએ હંમેશાં સ્ત્રીઓએ પોતાનું શક્તિ સ્વરૂપ આપ્યું છે, અને દરેક યુગમાં સ્ત્રીઓને મોકો મળતાં પોતે આદ્યશકિત છે એ પુરવાર કરી બતાવ્યું છે.

ભારત જેવા દેશોમાં પુરુષપ્રધાન સમાજમાં ઘરેલુ હિંસા થવી સામાન્ય વાત બની ગઈ છે. જોકે વિશ્વમાં દરેક જગ્યાએથી સ્ત્રીઓ ઉપર થતા પુરુષોના અત્યાચારો સાંભળવામાં આવતા જ હોય છે. ત્યારે સમજાય છે કે આજની નારી હજી પણ સંપૂર્ણ રીતે સુરક્ષિત અને પગભર નથી બની.

તમે બધાએ સાંભળ્યું જ હશે કે સ્ત્રી જ સ્ત્રીની પહેલી દુશ્મન બને છે. આમ કેમ? આપણે બધા એક જ નાવમાં સફર કરીએ છીએ તો બધા એકબીજાના મિત્રો કેમ નથી કહેવાતા.

સ્ત્રી જ સ્ત્રીને સમજી શકે છે, સ્વતંત્રતા આપી શકે છે. ઘરમાં સાસુ નણંદ કે જેઠાણીના સ્વરૂપે રહેલી સ્ત્રીઓ જો સંપ અને પ્રેમથી એકસાથે રહે તો ઘરમાં કે બહાર બીજા પુરુષો કે સમાજ દ્વારા તેનું શોષણ થતું અટકાવી શકાશે, પરંતુ આ બધાની વચ્ચે સ્ત્રીઓએ પણ સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ સમજી લેવાની ખાસ જરૂર છે. બહાર કામ કરવામાં અને સ્વતંત્ર વિચારોમાં એક વાતનો ખ્યાલ રાખવો ખાસ જરૂરી છે કે બાળકો સૌ પહેલાં માતાનું અનુકરણ કરે છે. માટે તેમને સારા સંસ્કાર આપવા માટે પણ માતાએ તેના આચરણને સંયમી રાખવું જોઈએ. બીજાઓનું મન સાચવવું અને પ્રેમથી ઘરસંસાર સંભાળવો પણ સૌપ્રથમ સ્ત્રીની જવાબદારીનો ભાગ છે એ પણ ના ભૂલવું જોઈએ.અને પોતાના પતિ નું માન રાખવું જોઈએ.

અમુક સમાજમા એવી માન્યતા પ્રર્વતે છે વધુ ભણેલી છોકરી અને ભણતર દ્વારા મેળવેલી કેળવણી એનું માનસ બગાડે છે, એના વિચારોને સ્વછંદતા આપે છે. પરિણામે સ્ત્રી મુક્ત અને કુકર્મો કરનારી બને છે, આ સદંતર ખોટું છે.

આવો સમાજ પત્નીને ઘરમાં રસોડાની રાણી અને અને સમાજમાં તેનાં બાળકોની માતા તરીકે ઓળખ આપીને ખુશ રહે છે અને એમ માને છે કે સ્ત્રીઓનો ઉદ્ધાર કરી નાખ્યો. હકીકતમાં સ્ત્રીઓનો ઉદ્ધાર જ કરવો હોય તો દરેક દીકરીને સાચી કેળવણી આપો, શિક્ષણ આપો. તેને વિચારોની સ્વતંત્રતા આપો. ભણેલીગણેલી દીકરી તેના બાળપણથી લઈ યુવાની સુધીની સફરમાં કોઈ પણ ખરાબ પગલું ભરતાં પહેલાં દસ વખત વિચાર કરશે અને એ જ દીકરી એનાં સાસરિયાંમાં પણ તેની બુદ્ધિમત્તાને અને સંસ્કારને કારણે મા-બાપનું નામ ઊંચું રાખશે.

એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે, અને એક શિક્ષિત માતા હોય તો એક પ્રાધ્યાપકથી લઈને એક સાચા કેળવણીકારની ગરજ સારે છે. જો માતા ભણેલી અને ઉચ્ચ વિચારો ધરાવતી હશે તો તમારાં બાળકોને તેમના જીવનપથ પર આગળ વધવા મદદરૂપ બનશે. પત્ની તરીકે એ શિક્ષિત હશે તો સાચા અર્થમાં પતિની સહચારીની બની તેના મુશ્કેલીના સમયમાં સાચો માર્ગ ચીંધનાર દોસ્ત અને સલાહમાં માર્ગદર્શિની સાબિત થઈ શકશે. પતિની કટોકટીના સમયમાં એક પ્રેમિકા બની તેના માનસિક તણાવને કંઈક અંશે ઓછો કરી શકશે!

ભણેલી સ્ત્રી વિચારોની ઉચ્ચતાને લઈને ખરાબ માર્ગ પર જતાં પહેલાં સારાંનરસાં પાસાંઓ ઉપર એક વાર જરૂર વિચાર કરશે. તે પોતાનો સ્ત્રીધર્મ સમજીને ઘર સરસ રીતે ચલાવી છોકરાંને કેળવણી આપી શકે છે. પતિ ની સાથે વિશ્વાસ નો પાયો બનાવી લગ્ન જીવન સુખેથી માણવું જોઈએ. આઝાદ અને સ્વછંદી સ્ત્રીઓ પોતાના લગ્ન જીવન નું મહત્વ સમજી શકતી નથી.

**મીનાક્ષી રાવલ ,ગાંધીનગર**

# તપ મોટું કે સત્સંગ?

એકવાર મહર્ષિ વિશ્વામિત્રજી અને બ્રહ્મર્ષિ વશિષ્ઠજીની વચ્ચે એ વિષય ઉપર વિવાદ ઉભો થયો કે સત્સંગની મહત્તા વધારે કે તપની મહત્તા વધારે છે? વિશ્વામિત્રજીએ કઠોર તપસ્યા કરીને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી એટલે તેઓ તપને મોટું માનતા હતા જયારે વશિષ્ઠજી સત્સંગની મહત્તા વધુ માનતા હતા. બંન્ને ઋષિઓ આ વાતનો નિર્ણય કરવા માટે પ્રજાપિતા બ્રહ્માજી પાસે જાય છે.તેઓની વાત સાંભળીને બ્રહ્માજી કહે છે કે હું સૃષ્ટિ રચનાના કાર્યમાં વ્યસ્ત છું એટલે આપ ભગવાન વિષ્ણુ પાસે જાઓ.ભગવાન વિષ્ણુ આપની સમસ્યાનું નિરાકરણ કરશે.

બંન્ને ઋષિઓ ભગવાન વિષ્ણુ પાસે જઇને પ્રશ્ન કરે છે કે તપ મોટું કે સત્સંગ? ભગવાન વિષ્ણુએ વિચાર્યું કે હું સત્સંગને મોટો કહીશ તો વિશ્વામિત્ર નારાજ થશે અને જો તપને મોટું બતાવીશ તો વશિષ્ઠજીની સાથે અન્યાય થશે એટલે એમ કહીને જવાબ આપવાનું ટાળ્યું કે હું સૃષ્ટિના પાલન કરવામાં વ્યસ્ત છું એટલે આપ ભગવાન શંકર પાસે જાઓ.

બંન્ને ઋષિઓ ભગવાન શંકર પાસે જઈને પ્રશ્ન પુછે છે ત્યારે ભગવાન શંકર કહે છે કે આપના પ્રશ્નનો નિર્ણય કરી શકવા હું સમર્થ નથી આનો નિર્ણય તો શેષનાગ જ કરી શકશે.બંન્ને ઋષિઓ શેષનાગ પાસે જાય છે.શેષનાગજીએ બંન્નેનું સ્વાગત કર્યુ અને આવવાનું પ્રયોજન પુછે છે.વશિષ્ઠ ઋષિએ પુછ્યું કે અમારા પ્રશ્નનો નિર્ણય કરી આપો કે તપ મોટું કે સત્સંગ?

શેષનાગજી કહે છે કે મારા માથા ઉપર પૃથ્વીનો ભાર છે.જો આપ બંન્નેમાંથી કોઇ થોડા સમય માટે પૃથ્વીનો ભાર ઉઠાવી લો તો હું આપના પ્રશ્નનો નિર્ણય કરી આપીશ.તપ કરવાથી અહંકાર



આવે છે. વિશ્વામિત્ર તપસ્વી હતા,તેમને અહંકારવશ શેષનાગજીને કહ્યું કે પૃથ્વીનો ભાર આપ મને આપો અને વિશ્વામિત્રજીએ પૃથ્વીને પોતાના માથા ઉપર લીધી કે તુરંત જ પૃથ્વી નીચેની તરફ જવા લાગી ત્યારે શેષનાગજીએ કહ્યું કે વિશ્વામિત્રજી..રોકો..પૃથ્વી રસાતળમાં જઇ રહી છે.વિશ્વામિત્રજીએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન કરેલ તપ અર્પણ કર્યું છતાં પૃથ્વી રોકાઇ નહી ત્યારે બ્રહ્મર્ષિ વશિષ્ઠજીએ અડધી ઘડીના સત્સંગનું ફળ અર્પણ કર્યું તો પૃથ્વી પોતાની ધરી ઉપર રોકાઇ ગઇ અને નિર્ણય આવી ગયો કે તપ કરતાં સત્સંગની મહત્તા વધારે છે.

અમોએ નિયમિત પરીવારના સદસ્યોની સાથે બેસીને સત્સંગ કરવો જોઇએ અને જ્યારે પણ આપણી આસપાસ ક્યાંય પણ સત્સંગ થતો હોય તો સાંભળવો જોઇએ અને સત્સંગમાં સાંભળેલ વાતોનું ચિંતન-મનન કરી તેનું આચરણ કરવું જોઇએ.સંત મહાપુરૂષોની સાથે વિચારોના આદાન-પ્રદાનથી સત્સંગની શરૂઆત થાય છે.“સત્સંગકી આધી ઘડી તપકે વર્ષ હજાર,તો ભી નહી બરાબરી સંતન કીયો વિચાર.”

સત્સંગથી જ વાણીમાં મીઠાશ અને પરોપકારની ભાવના જાગ્રત થાય છે.જેને જીજ્ઞાસા હોય એણે સત્સંગ જરૂર કરવો.જીજ્ઞાસાનો અર્થ થાય છે જાણવાની ઈચ્છા.જેણે ઈશ્વરનું સ્વરૂપ જાણવું હોય,આત્માનું સ્વરૂપ જાણવું હોય,ધર્મનું સ્વરૂપ જાણવું હોય,ગુઢ તત્વોને જાણવા હોય એણે સત્સંગ જરૂર કરવો.સત્સંગ મોક્ષનું દ્વાર છે,સત્સંગથી વિષયોનું સ્મરણ છુટી જાય છે,સત્સંગથી જ ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય છે, સત્સંગ બધા અનર્થોનો નાશ કરે છે,સત્સંગથી જ ભગવાન સહજમાં વશ થાય છે,સત્સંગની તુલના બીજા કોઇ સાથે થતી નથી,સત્સંગથી નિશ્ચલ પ્રેમ ભક્તિ પ્રાપ્ત થાય છે.

સત્સંગ વિના વિવેક આવતો નથી અને રામની કૃપા વિના સત્સંગ સહેલાઇથી મળતો નથી,દુષ્ટો પણ સત્સંગ પામીને સુધરી જાય છે,બુદ્ધિની જડતા દૂર કરવા,વિવેક ઉત્પન્ન કરવા જીવનમાં સુખ-શાંતિ, આનંદ પ્રાપ્ત કરવા માટે જીવનના લક્ષની પ્રાપ્તિ કરવા,પ્રભુ દર્શન કરવા,સંસારમાંની વેર ઈર્ષ્યા દ્વેષ ઘૃણાને દૂર કરવા અને તેની જગ્યાએ અહિંસા એકતા ભાતૃભાવ પ્રેમ ઉત્પન્ન કરવા સત્સંગ પરમ આવશ્યક છે,સત્સંગથી જ મનનો મેલ દૂર થાય છે,મનમાં જથ્થાબંધ થઇ રહેલા સંશય તથા ભ્રમોનો સમુદાય સદગુરૂના સત્સંગથી નષ્ટ થઇ જાય છે,સંતોના દર્શનમાત્રથી સૌ પાપો નષ્ટ થઇ જાય છે,મહાભાગ્ય હોય તો જ સત્સંગ પ્રાપ્ત થતો હોય છે જેના પ્રતાપે પરીશ્રમ વિના જ સંસારના ફેરા ટળી જાય છે,સંતજનોનો સંગ મોક્ષના માર્ગરૂપ છે અને કામીનો સંગ સંસારમાં બાંધનાર છે,સત્સંગનો અર્થ છે સત્યનો સંગ.સત્ય સ્વરૂપ પરમાત્માની સાથે સંગ કરવો.દરેક ક્ષેત્રમાં પ્રભુકૃપાની આવશ્યકતા છે જે સત્સંગ દ્વારા જ પ્રાપ્ત થાય છે.

સત્ય બ્રહ્મ (પરમાત્મા)ના પ્રત્યક્ષ દર્શન કરીને જ્યારે જ્ઞાનચર્ચા કરવામાં આવે તે જ સત્સંગ છે.સત્સંગ એ અંતિમ લક્ષ્ય છે.જેના માટે સત્ય (પરમાત્મા)નું જ્ઞાન પરમ આવશ્યક છે.કુસંગનો સર્વથા ત્યાગ કરવો. ક્ષણભરના કુસંગથી મનમાં સૂતેલા શૈતાન જાગી જશે તો શું દશા થશે? સંસારમાં પ્રત્યેક વ્યક્તિ સુખ શાંતિ આનંદ ઈચ્છે છે.આ સુખ શાંતિ અને આનંદ વિષયોમાં નથી અને જો છે તો ક્ષણિક છે સ્થાઇ સુખ શાંતિ ફક્ત સત્સંગમાં જ છે.થોડા સમયનો સત્સંગ પણ લાભકારી હોય છે.સત્સંગના સમાન દુનિયામાં કોઇ સુખ નથી. જો એક ત્રાજવામાં સત્સંગરૂપી વચનામૃત અને બીજા ત્રાજવામાં સંસારના તમામ સાંસારીક શારીરિક સુખ તો પણ સત્સંગનું ત્રાજવું ભારે જ રહે છે.

સત્સંગ આત્માનો ખોરાક છે.જેવી રીતે ખોરાક શરીરની ભૂખ શાંત કરે છે શક્તિ અને બળ આપે છે તેવી જ રીતે સત્સંગ સેવા સુમિરણ પૂજા અર્ચના આત્માની ભૂખ મટાડે છે.પાણી વલોવવાથી ભલે ઘી નીકળે,રેતી પિલવાથી ભલે તેલ નિકળે,સૂર્ય ભલે પૂર્વના બદલે પશ્ચિમમાં ઉગે,ફુલ જમીનના બદલે ભલે આકાશમાં ખિલે,કાચબાની પીઠ ઉપર ભલે વાળ ઉગે,વાંઝણીનો પૂત્ર ભલે યુદ્ધ જીતે..આ બધી અસંભવ વાતો ભલે સંભવ બને પરંતુ સત્સંગ વિના આ ભવસાગર તરવો અસંભવ છે આ અકાટ્ય સિદ્ધાંત છે.જે લોકો સેવા સુમિરણ સત્સંગ કરતા નથી તેમને લોક પરલોકમાં આનંદ મળતો નથી.નિયમિત સત્સંગરૂપી ઝાડું મનને લગાવવાથી મન અને વિચાર શુદ્ધ નિર્મલ રહે છે.જેમ પારસના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે તેમ દુષ્ટ પણ સત્સંગ પામીને સુધરી જાય છે.

વિનોદભાઈ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રાજકોટનાં સેવાભાવી અગ્રણી રમેશભાઇ ઠક્કરનો તા.૧, જુનના રોજ જન્મદિન : ૭૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ

શ્રી રમેશચંદ્ર કેશવજી ઠક્કરનો જન્મ ૦૧/૦૬/૧૯૪૯ ના રોજ થયેલ હતો તેઓશ્રીનાં પરિવારમાં તેમના અર્ધાંગીની શ્રીમતી રેણુકાબેન ઠક્કર, જયેષ્ઠ પુત્ર ડો. મયંક ઠક્કર (એમ.ડી.ઇન્ટરનલ મેડીસીન, ડાયાબીટીક ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ) તથા નાનો પુત્ર શ્રી ગૌરાંગ ઠક્કર (મીકેનીકલ એન્જી.) છે. પોતાની યુવાનીમાં શ્રી રમેશભાઈએ સફળતાને હાંસલ કરવા, પોતાની કોઠા સૂઝ, મહેનત અને લગાવથી વ્યવસાયને પોતાનું જીવન બનાવ્યું. જિંદગીની સીડી સડસડાટ ચઢવા, ઉતાર-ચઢાવ વચ્ચે તેમના પત્ની શ્રીમતી રેણુકાબેન ઠક્કરનું ખૂબ જ મોટું યોગદાન રહેલ. રાજકોટનું સેવા જગતનું ગૌરવ, ગૌ પ્રેમી તથા અનેક સેવાકીય સંસ્થાઓ સાથે તન, મન, ધનથી સંકળાયેલા રમેશભાઈ ઠક્કરના ૭૩ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયાં છે ત્યારે તેમના જન્મદિનની સેવામય ઉજવણી થવા જઈ રહી છે ત્યારે પ્રવર્તમાન ઉનાળાની ગરમીની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. ત્યારે સમગ્ર પણે ૧૧૦૦ બોટલ એકત્ર કરવાનું આયોજન રમેશભાઈ ઠક્કરના પરીવાર તથા મિત્રવર્તુળ દ્વારા કરવામાં આવ્યું છે. જેના

અંતર્ગત ૪૦૦ યુનીટ રકત એકત્ર પણ થઈ ચુકયું છે અને આગામી તા. ૧૫, જુન સુધી અલગ અલગ રકતદાન કેમ્પો દ્વારા સમગ્ર પણે ૧૧૦૦ યુનીટ રકત થેલેસેમીયા પીડીત બાળકો, દર્દીનારાયણ, દરીદ્નારાયણના લાભાર્થે એકત્ર કરવામાં આવશે. રમેશભાઈ ઠક્કર શ્રીજી ગૌશાળામાં હાલમાં ૧૯૦૦ થી વધુ દેશી અને ગીર ગાયોના રખાવવામાં મદદરૂપ થયા સાથે સાથે શ્રીજી ગૌશાળા દ્વારા નિર્મીત ગૌમુત્ર અને ગોબર દ્વારા માનવ માટે અસાધ્ય રોગો માટે દવાઓ દ્વારા ૧૮ વર્ષમાં ૭,૦૦,૦૦૦ થી વધુ દર્દીની નિઃશુલ્ક સારવાર, ખેતી માટે ખાતર અને જૈવિક ખેતી માટે દવાઓનું નિર્માણ અને તદઉપરાત લોકોને રોજબરોજ ઉપયોગી સાબુ, શેમ્પુ, અગરબતી, ફીનાઇલ જેવી અનેક ચીજોનું નિર્માણ કરવામાં આવે છે અને શ્રીજી ગૌશાળા પ્રવાસનું કેન્દ્બ ને તે માટે સરકારશ્રી સમક્ષ તેમણે રજુઆત કરેલ.એનીમલ હેલ્પલાઇન (કરૂણા ફાઉન્ડેશન) દ્વારા રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી ચલાવવામાં આવતી ૧૦ એમ્બ્યુલન્સ, ૨ બાઈક એમ્બ્યુલન્સ, ૨ અન્નક્ષેત્ર વાહન અને સ્થાયી હોસ્પિટલ તથા ૧૦૦૦ નાનામોટા જીવોના શેલ્ટર (પાંજરાપોળ) દ્વારા અબોલ જીવોની વિનામુલ્યે સારવાર થાય છે તેમા પણ શરૂઆતથી જોડાયેલ છે. અત્યાર સુધીમાં તેમાં ૬,૦૦,૦૦૦ જેવા અબોલ જીવોની નિઃશુલ્ક સારવાર થકી જીવતદાન અપાયું છે. ગુજરાત લેવલે આવી જ એનીમલ હેલ્પલાઈન એટલે કે માણસ માટે જેવી ૧૦૮ છે તેવી જ એનીમલ માટે પણ ગાંધીનગર ખાતે વારંવાર યોગ્ય રજૂઆત કરતા મા.શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ દ્વારા કરૂણા અભિયાન અંતર્ગત ૧૯૬૨ શરૂ કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્રમાં પડેલા કારમા દુકાળમાં તેમની સેવાકીય પ્રવૃતિઓએ માનવતાને મહેકાવેલ. ૧૯૮૩-૮૪, ૧૯૯૬-૯૭, ૧૯૯૭-૯૮ રાજકોટમાં અને ૧૯૯૯ થી ૨૦૦૨ ના સમયગાળામાં પ્રાસંલા મુકામે ૫૦૦૦ થી વધુ ગાયોની સેવા કરવામાં મોખરે રહયાં હતાં. તેમજ સને-૨૦૦૧ માં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આવેલ ભુકંપ-કુદરતી આફત વખતે કચ્છ-ભૂજમાં મકાનો બનાવવા, સ્કૂલોનો પુનઃનિર્માણમાં પૂ. ધર્મબંધુજી સાથે તેમનું અમૂલ્ય યોગદાન રહેલ છે.



વનવાસ વેઠનારો, રાઘવ બની ગયો,
લંકા જીતીને વ્હાલો, માધવ બની ગયો.
શાસ્ત્રો હતાં હ્રદયમાં તોયે જુઓ ભલા,
ત્રણ લોક જીતનારો, દાનવ બની ગયો,
રાવણ તણો હતો એ, ભાઈ સગો છતાં,
રામે નમી ગયો, તો માનવ બની ગયો.
થાકી ગયો એ અંતે, પ્હોંચી વળ્યો નહીં,
ઈશ્વર પછી તો માઁનો, પાલવ બની ગયો.
બનવા જુઓ સુગંધી, ફુલો કમળ તણાં,
×ચાતક× પછી તો બેશક, કાદવ બની ગયો.
ગફુલ રબારી ×ચાતક×. (બારેજા)



થાય છે જે, તે મૂક બની જોયા કરો,
પાપને, પરચુરણ પુણ્યથી ધોયા કરો
નસીબમાં હશે, એ થાશેની વાતો કરો,
પછી કપાળે રાખી હાથ, રોયા કરો
સ્વમાન ઈમાન ધરમની વાત ભૂલ્યા'તો
લેણીયાતને બંને હાથ જોડયા કરો
સુખ શાંતિ સમૃદ્ધિ ઘરની છોડીને
ઝાંજવાં પાછળ રાત 'દિ દોડ્યા કરો
ઉજળા છો, જો જોડાયેલા છો મૂળથી,
અથવા, ખુદને ટોળાંમાં શોધ્યા કરો.
જયકિશન દાણી (બોટાદ)



શૂન્યમાં હું તો જીવ્યો તેથી જ ખાલી છું,
શાંતિ ભીતર હું મળ્યો તેથી જ ખાલી છું.
ઉષ્ણ ક્યાં છું? હું સ્વભાવે જોઈ લો યારો,
હું બરફ થઈ પીગળ્યો, તેથી જ ખાલી છું
સ્નેહનાં એ તંતુ બાંધી , લાગણી જોરે,
દિલમાં સાચે હું ભળ્યો તેથી જ ખાલી છું.
આગિયા જેવો રહ્યો છે ઝગમગાટમાં હું,
મૃત્યુ સાચે હું રળ્યો , તેથી જ ખાલી છું.
ધર્મ શમ્માનો શરણ માં ત્યાગ ભાવે જો,
દેહ આનંદે ટળ્યો , તેથી જ ખાલી છું.
મોહનભાઈ પરમાર ×આનંદ× (વડોદરા)

## વાત તો સારી કરે છે.

પથ્થરો લઈ હાથમાં તું વાત તો સારી કરે છે,
પીઠ પાછળ શબ્દથી તું ઘાત તો સારી કરે છે.
આપણાં સંબંધ આખા શહેરમાં ચર્ચાય કાયમ,
મૌન આંજી આંખમાં પંચાત તો સારી કરે છે.
સૂર્ય મારા આંગણે આવી ખબર પૂછી જતો'તો,
બંધ આંખે તું દિવસની રાત તો સારી કરે છે.
કોણ આવ્યું? કેમ આવ્યું? સાંજની વેળા છતાં પણ,
હાસ્ય સાથે પ્રશ્નની સૌગાત તો સારી કરે છે.
કેમ સમજાવે તને'રશ્મિ'બિચારો શાંત ચિત્તે,
સ્વપ્નમાં તું રોજ મુલાકાત તો સારી કરે છે.



રશ્મિ શાહ.
(અમદાવાદ)

## કાં ભટકે છે !....

કોઈ છલકે છે, કોઈ મલકે છે,
એક શ્વાસ ભિતરથી ધબકે છે.
ક્યાંક ફુલો છે, ક્યાંક કંટક,
એક સપન અધુરૂ, ખટકે છે.
કાળની તલવાર માથે લટકે,
સમયને સમજ, કાં તું ભટકે છે ?
ઉદાસી મુખ પર લાવી, ન ફર,
તું એમ કર્મથી ક્યાં છટકે છે.
કિસ્મતને ખરોચવાનું બંધ કર,
એમ ક્યાં નસીબ પણ બટકે છે.
બેતાજ બાદશાહ બની જીવીલે,
ક્યાં તારૂ પણ કંઈ અટકે છે.
વિશ્વનો સ્વજન બની પગલાં ભરે,
તોયે મજધારે ' સ્વજન ' ભટકે છે.
યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' (જૂનાગઢ)



ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No : 0089**

**વિષય આવડત અણઆવડત**
**પ્રકાર : ગદ્ય**
**શીર્ષક : પ્રયત્ન**
**પ્રવિણા કડકિયા**

ઈશ્વર કૃપાથી દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ આવડત છુપાયેલી છે. બસ માત્ર પ્રયત્ન કરી તેને સપાટી પર લાવવાની હોય છે.

અણઆવડત એ પાયા વગરનું બહાનું છે. જેને સુઘડ ભાષામાં અણઆવડત નામ આપવામાં આવ્યું છે.

'મન હોય તો માળવે જવાય'

આવડત નો ઢંઢેરો પીટવાનો ન હોય . તમે જે કાર્ય કરો એ જાતે બોલે.

મારા એક વર્ષો જૂના મિત્ર છે , કાંઈ પણ કરીએ એટલે તેમાં ખામી કાઢે. એમને કરવા આપીએ ત્યારે બહાના બનાવે. એકવાર સપડાઈ ગયા. કાર્ય તો કર્યું પણ અણઆવડત છતી થઈ ગઈ. બસ ત્યારથી ખો ભૂલી ગયા.

હંમેશા કલાની કદર કરવી. વ્યક્તિને ઉત્સાહ મળે છે. ન કરે નારાયણ ને ફરી કોઈ વાર પ્રસંગ સાંપડે ત્યારે ઝળકી ઉઠે.

આવડત કેળવવી પડે. તેને માટે સતત પ્રયત્ન જારી રાખવો. જેને કારણે કુશળતા પ્રાપ્ત થાય. એ એવો સદ્‌ગુણ છે જે તમને વર્યો હોય તો સરજનહારનો આભાર માનવું ન વિસરશો.

અણઆવડત, બેદરકારી અને આળસનો જીવતો જાગતો નમૂનો છે. બહુ ખુમારી ન રાખવી કે મને નથી આવડતું યા નથી ફાવતું. હાસ્યાસ્પદ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે.

ક્યારેય કમપ્યુટર પર ગુજરાતી લખ્યું ન હતું. આજે ડાબા હાથનો ખેલ લાગે છે.

જ્યારે આળસ અને નવું શિખવાની તમન્ના વગરના લોકો અણઆવડત જતાવી , કરનારની ભૂલો શોધવાનાં સમય બરબાદ કરે છે.

પ્રયત્ન કરો કોઈ પણ કાર્ય મુશ્કેલ નથી. સજાગતા અને સાતત્ય આવશ્યક છે.

શુભ શરુઆત કરવામાં દેર ન કરશો.

---

**NOG SS NO :109**

**શિર્ષક :-અણઆવડત**
**પ્રકાર :-ગદ્ય**
**બાબુ સંગાડા"મહેક"**

"ઈ ભાળ મારું ઘેર વખેરાય જું..ગણપત જોર જોરથી ચિલ્લાતો બુમો પાડવા લાગ્યો.ત્યારે શેરીમાંથી નીકળતા માણસોના ટોળા ભેગા થવા લાગ્યા,થોડીવારમાં તમાશો જોવા આખું ગામ ભેગું.પણ કોઈ પૂછવા તૈયાર નોહતું,બધા કુતુહલતાથી જોવામાં મશગુલ હતા,આ જોઈ તેનો બાળપણનો મિત્ર નર્વત નજીક ગયો ને પૂછવા લાગ્યો "થાયુ હું ઈતે વતાડ ?તું સિસાયા કરે અન ઈ આદમજીના ટુળા ભીગા થાય રીયા.

"તું ભાળ ઈ ખાલી સે,ઈમા આઈબા ઈતરા બીઠા સે,અન બીજા બદા જુદા જુદા થાઈ જા.

"ભાઈ ઈ કીદાડ રીયા સે ભીગા,જુદા થાય ,ભાગ પડે ની ઈખલા રીતા વે .ઈ સમાજનો નિયમ સે.

" પુણ માર ઈ કોયન થાવા દીવું,બદાને ભીગા રાખવા સે.

ભેગી થઈ માનવ મેદની મશ્કરી કરતા પોતપોતાના કીમ તરફ ચાલી ગયા,થોડીવારમાં જગ્યા શૂનશાન થઈ ગઈ,બધા અંદરો અંદર કહેવા લાગ્યા,ગાંડો થયો સે,કોઈના દિકરા ભેગા રહ્યા છે તે રહે,સમાજનો નિયમ છે કે પરિવાર મોટો થાય એટલે બધા પોતપોતાની રીતે,માબાપથી અલગ રહેતા હોય,એજ તો થયુ છે એવું વિચારતા બધા છૂટા પડી ગયા.એ જગ્યા પર ઉભા તેનો મિત્ર નર્વત ને તે.નર્વતને ઉભેલો જોઈ ગણપત બોલ્યો"તું યે જા ઈ બદા પુતપુતાના કામે સાલી જા.

"ઉં મિત્રને સિસાતો ભાળી મીલી ની જુ ને,પુણ તું મન કે તું હુકા ઈવુ કરી રીયો.નર્વતે પૂછ્યુ.

"ઈ ઘેર વિખરાય જું,આઈબા ઈખલા બીઠા સે,તીયે ગાંગરી રીયા,ઈ સાલી જા ભાઈ ઈમાથી કુંઈ પૂસવા હુદું કોયન આયું,ઈ બદાની મુટા કર્યા,ની પણાયા,ઈતરુંની બદાની કઈની કઈ કીમ કરતા કરીયા ,આજ તું ભાળ મારા આઈબા ઈખલા ગાંગરી રીયા સે.

"ઈ બદે પરિવારમાં થાતું વે.

"પુણ ઈમ કીકીમ ,આઈબાની સુડી દે પુતાના છુરા,

"સુડ દે,ઈ બદે થાતું વે ઈવું.

"પુતાનું લુઈ હુદું કીકીમ કરી સુદું પડી જાય ,આઈબા ઈમ થુડા મળતા વે ,કીકીમ કરી ઈ સુટા પડી જાતા વે.ભીંગુ રીવામાં એકબીજાનું દુખ હમજી તી સોલ થાતું વે ,ઈ ઈખલા હાઉં બીજા કની ભીખ માંગી ઉકેલહે કે.ઈ અણઆવડતનું ફળ સે.

"ગમે તી વે સમાજનો નિયમ સે,પુતપુતાની રીતે જીવવેનો,તારા ભાગે આયા ઈતરે તારે સારવાર કરવેની જીવે લગી.

"ઈ જાણું સે,પુણ કાલ ઈ કઈથાક ફસાયા તર કુંણ વારી આવહે.

"ઈ બદુ ની ભાળવેનું ,જેની ઝીવી કરણી એવી ભુગવણી તું તારી જાત હંબાળ અન તારા કામમાં લાગી જા હાઉં.

"પુણ ઈ રમતુ કુદતું આખું ઘેર વખેરાય જું,કુંની ભૂલ કાડવી?

આઈબાની?ભાભીજીની? ભાજોની?કે ઈની આવડતની ?આંગણામાં અડગ ખૂટ ઝાલી ગણપત આંસૂ પાડતો એટલું જ બોલી શક્યો.

બાબુ સંગાડા"મહેક", હાલોલ

**NOG SS NO: 004**

**વિષય:આવડત અણઆવડત**
**પ્રકાર:ગદ્ય (નિબંધ)**
**શબ્દો:૩૪૯**
**શીર્ષક: અંતર સ્પર્શ**

આવડત તો અણઆવડતમાંથી અંતર સ્પર્શ થાય પછી ઉદ્ભવે. બન્ને વિરોધી શબ્દો છે. છતાંય એકમેકનાં પૂરક છે. માનવ કે પશુ-પક્ષી જન્મતાની સાથે જ પારંગત નથી હોતા. તેથી વધતી ઉમ્મરે પોતાની બુધ્ધિનાં વિકાસથી તે શીખતો જાય છે. તે તેની અણઆવડતોને જ ગુરુ બનાવી દે તો એકલવ્યની જેમ જરૂર આવડત તરફ વળવા માંડે.

ઘણીવાર તે આવડત શરૂઆતથી જ આવવા માંડે છે , ઘણીવાર તે અણઆવડતની એરણ પર ટીપાતાં ટીપાતાં સુવર્ણની જેમ ચમકવા માંડે છે. ઘણીવાર રોજનો અભ્યાસ તેને શીખવે છે . જેમ એક રમતવીર રોજ રોજ મેદાનમાં જઈ પ્રેકટિશ કે પ્રયત્નો કરે છે. એક શિષ્ય રોજ રોજ ગુરૂજ્ઞાન મેળવે છે. એક વેપારી નફા તોટાની ઓળખ મેળવે છે. એક સ્ત્રી પોતાનું ઘર છોડી સાસરે જાય છે તો સાસરીની રીત કે ત્યાંના રીવાજો શીખતાં શીખતાં જ તે ઘરને પોતાનું માની તેની આવડતને વિકસાવે છે. પશુ -પંખીનું તેવું જ છે. જન્મતાની સાથે ચાલવાનું શીખે છે ,પણ ચણ કે ચારો કેમ પાર્જિત કરવો તે જોતાં જોતાં શીખી જાય છે. પશુ ચરવાથી લઈ ફરવા સુધીની કલા શીખે છે ને આવડતથી સ્વબચાવ કરતાં પણ શીખે છે અરે અંતરસ્પર્શથી એવી આવડત શીખે છે કે તેઓમાં પણ પ્રેમની લાગણીઓ કે દયાભાવ ઉદ્ભવે છે. તે ગાડે જોડાય કે ગાડીએ પણ તેઓની અંતરદ્રષ્ટિએ તેઓ આગળ આવતા વિઘ્નો કે મુશ્કેલીને પણ ઓળખી સાવધ થઈ જાય છે ને માલિકને પણ સાવધ કરી દે છે. પછી તે પશુ જંગલી હોય કે પાળેલું. તે તેની આવડતથી જ દુનિયામાં જીવે છે. પક્ષી પણ માળો તેની આવડતથી જ બાંધે છે. તેનું સુંદર ઉદાહરણ સુગરી છે જ આપણી સમક્ષ. તેવી રીતે સરકસનાં પ્રાણીઓ કેળવણી પામતાં કેવા કરિશ્મા કરતા હોય છે કે તે માણવા ગયેલો માનવી મોંમા આંગળા ખોસી દે છે.. તાળીઓનાં આવિષ્કારથી તેને નવાજે છે. એ અણઆવડતમાંથી આવડત તરફનું પ્રયાણ જ છે.

મંદબુદ્ધિનાં લોકો પણ કેળવણી મળતાં એક અદ્ભૂત ચમત્કાર કરી શકે છે. અંધ વ્યક્તિ આજે અંતરસ્પર્શથી

કેટલો આગળ વધ્યો છે. તે પણ આવડતથી જ આત્મનિર્ભર થયો છે.હેલન કેલર ઉત્તમ ઉદાહરણ છે માનવ તો ઉત્તમ ઉદાહરણ છે કે તે પત્થરયુગથી શીખતો શીખતો તેની આવડતથી ચંદ્ર પર જઈ પહોંચ્યો છે.

બિના ગુરૂ જ્ઞાન ન લાભત તો અણઆવડતને જ ગુરૂ માની ચાલો

તો આવડત-અણઆવડત અંતરસ્પર્શથી કેળવાય છે. અંતરને આશાવાદી રાખશો તો જ તો અણઆવડતમાંથી આવડત તરફ વળશો.

જયશ્રી પટેલ

**NOG: SS: NO.: 0101**

**વિષય : આવડત અણઆવડત**
**પ્રકાર : ગદ્ય (લેખ)**
**શબ્દો : ૩૪૪**
**શીર્ષક : પોતાની શક્તિને ઓળખો**

આવડતઅણઆવડતમાં પાયાની વાત જે સમજવાની છે તે છે; શું આપણે આપણી કુદરતી શક્તિઓ પ્રમાણે જીવીએ છીએ?

માણસને પોતાની શક્તિઓનું અને મર્યાદાઓનું સ્વાકલન હોવું જરૂરી છે. શક્તિનો મહત્તમ ઉપિયોગ અને મર્યાદાનુસાર જીવનને ઢાળવાની કોશિષ સુખમય જીવન જીવવામાં મદદરૂપ થાય છે. પોતાની આવડતની ધારને તેજ કરવાનો કસબ અને અણઆવડતને છુપાવાની સમજ સમાજમાં આવશ્યક છે.

એકવાર એક ગરુડ પક્ષીનું ઈંડુ મરઘીના ઇંડાઓની વચ્ચે પડ્યું. મરઘીના ઇંડામાંથી મરઘીના બચ્ચા ( પીલું ) બહાર આવવા લાગ્યા તેમાં ગરુડનું બચ્ચું પણ હતું. બધાં સાથે વિકાસ પામતાં ગયાં.

પીલુના સહવાસને કારણે ગરુડના બચ્ચાનો ઉછેર પણ તેમના જેવો જ થવા લાગ્યો. આમ તેમ કુદકા મારીને રમવું. તેઓ જે ખાય તે ખાવું. અને પીલુઓની જેમ તે પણ થોડે ઊંચે સુધી ઉડી પાંખો ફફડાવતું પાછું નીચે આવી જતું.

એકવાર તેણે ગરુડને ખુલ્લા આકાશમાં નિર્ભયતાથી એકદમ ઊંચે ઉડતાં જોયું, તેણે તે જોઈ સાથી પીલુઓને પૂછ્યું, પેલું અદભુત પક્ષી ઉડી રહ્યું છે તે કયું છે? ત્યારે ઉત્તર મળ્યો કે તમે પીલું હોવાથી બહુ ઊંચે ન ઉડી શકો!

ગરુડના બચ્ચાએ આ વાત સ્વીકારી લીધી અને પોતાના અસલ સ્વરૂપના અજ્ઞાનને કારણે ગરુડ જેવા બનવાની ક્યારેય કોશિષ ન કરી. તે પીલુઓની જેમ જીવ્યો અને મૃત્યુ પામ્યો, પોતાની સાચી શક્તિની પરખ કર્યા વિના.

આપણામાં પણ મોટાભાગના લોકો આવું નીરસ બીનસાહસિક જીવન જીવતાં હોઈ છે.

ખુલ્લા મેદાનમાં ચંદ્રના અજવાળામાં એક ટીનેજર છોકરી સુંદર રંગો કેનવાસ પર પીંછીથી ઉપસાવતી નયનરમ્ય તસ્વીર બનાવી કુદરતે આપેલી બક્ષિસને કુદરતી રંગોમાં ઢાળે છે. ખુશ થાય છે. પછી વિચાર આવે છે કે હું અન્ય દિશામાં પણ મનને જોડું, આગળ વધું, ડોક્ટર બનું, એન્જીનીયર બનું તે ગડમથલમાં બદલાતો મનનો વ્યાપાર તેને જુદી જુદી દિશામાં ખેંચી જાય છે. કશી સિદ્ધિ પ્રાપ્ત નથી થતી. પચ્ચીસ વરસની જિંદગી આમ જ વહી ગઈ. એક સવારે એની નજર ટેબલ પર પડેલી પીંછી પર પડે છે. એકીટશે જોઈ રહે છે. એકાએક તેનો હાથ પીંછી લેવા લંબાઈ છે. ડાઇનિંગ ટેબલ પર બેઠેલાં પિતા આ જોઈ મનોમન ખુશ થાય છે.

યુવતી પીંછી લઈને દોડે છે કેનવાસ અને રંગો ખરીદી લાવે છે. ખુલ્લા મેદાનમાં ચંદ્રના અજવાળામાં એક પછી એક અનુપમ તસ્વીરો નિર્માણ થતી જાય છે. દેશવિદેશમાં તેની તસ્વીરોના પ્રદર્શન ગોઠવાઈ છે. પૈસો અને ખ્યાતિ તેની નૈસર્ગિક શક્તિને પોંખે છે.

આવડતનો ઉપીયોગ જ્ઞાનમૂલક છે અણઆવડતનું પ્રદર્શન અજ્ઞાનમૂલક છે.

લેખક: ભરત સાંગાણી

# વિશ્વ તમાકુ નિષેધ દિવસ'' ની ઉજવણી કરવામાં આવી.



વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે ૩૧ મે ને "વિશ્વ તમાકુ નિષેધ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.ચેતના સંસ્થા અને આરોગ્ય શાખા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ચેતના સંસ્થા દ્વારા અલગ અલગ ઝોનમાં આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ. વિભાગ, નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાઈન તેમજ કોલેજ કક્ષાએ તમાકુથી થતી આડઅસરો, તમાકુને કારણે માનવ શરીર ઉપર થતા વિવિધ નુકશાન, વિશ્વમાં તેમજ ભારતમાં તમાકુને કારણે થતા મૃત્યુનો દર, તમાકુ છોડવાના ફાયદા, COTPA 2003 (Cigar[a]tes and Other Tobacco Products Act) તેમજ તમાકુ કંપનીઓની આડકતરી જાહેરાતો અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમમાં અમદાવાદ કોર્પોરેશનના આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દિવ્યેશ પટેલ તેમજ વિવિધ ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસર દ્વારા હાજરી આપીને તમાકુ નિયંત્રણ કાર્યક્રમની જરૂરિયાત તથા COTPA 2003 ના સખ્ત અમલીકરણ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસરશ્રી ,અને આરોગ્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

મનીષા પ્રધાન

# ચોકીદાર હોવા છતાં ચોકીદારી કરવાની જગ્યાએ માહિતીઓ છુપાવવામાં આવી

જય સંવિધાન આજે તારીખ ૩૦/૦૫/૨૦૨૨ સોમવારે આખા ગુજરાતમાં નાનાં તાલુકાથી લઈને, જામનગર, પોરબંદર, અમરેલી, સાવરકુંડલા, કચ્છ ભુજ, અબડાસા પાટણ, એસકે, સાબરકાંઠા, બનાસકાંઠા, ધોળકા, બોટાદ, દ્વારકા ભુજ, રાધનપુર, માણસા, ગાંધીનગર, ખેડબ્રહ્મા,બીકે, પાલનપુર, રાધનપુર, મહેસાણા, ખેડા આણંદ, કપડવંજ, અમદાવાદ, નડિયાદ, બરોડા , પાદરા, ભરૂચ, નર્મદા, ગોધરા, દાહોદ, હાંસોટ, કરજણ,ભાવનગર, સુરેન્દ્રનગર, નર્મદા, તાપી વાપી, નવસારી, સુરત આખા ગુજરાતમાં આજે નાના તાલુકા લઈને મોટા મામલતદાર સાહેબથી લઈને જિલ્લા કલેકટરશ્રી જિલ્લા પોલીસવડા,પ્રાંત અધિકારી, આરોગ્ય અધિકારી, મ્યુ.કમિશ્નર , જિલ્લા પંચાયત વિકાસ અધિકારીશ્રી, એવા નાના મોટા તમામ જનસેવક ( જનતાના નોકર ) અધિકારીઓને સવારે ૧૧ વાગે રૂબરૂ આરટીઆઈ કાર્યકર્તા મિત્રોએ સમૂહમાં તારીખ :૨૨/૦૫/૨૦૨૨ સોમવારના રોજ એક હજાર કરતાં વધુ આરટીઆઈ કાર્યકર્તાઓએ ભારતભરમાં પ્રથમવાર સુરતના આંગણે જે ઠરાવ પસાર કર્યો હતો એ ઠરાવ રજુ કર્યો હતો અને માહિતી અધિકારના અધિકાર અન્વયે આપણા ગુજરાત અને ભારતભરમાં કાયદાની એસીતેસી કરતા ચોકીદાર એવા માહિતી અધિકારીઓ, માહિતી કમિશનરો, અપીલ અધિકારીઓએ સરકારી કચેરીઓમાં સરકારી કચેરીઓ દફતરમાં સચવાયેલો સચવાયેલો હા જળવાયેલો રેકોર્ડ માહિતી છુપાવવાના જે ગોરખ ધંધા કર્યા છે .ચોકીદાર હોવા છતાં ચોકીદારી કરવાની જગ્યાએ માહિતીઓ છુપાવવામાં આવી છે .કાયદાઓના રખેવાળ હોવા છતાં પ્રજાના પૈસાથી પોતાનો પગાર મેળવવા હોવા છતાં જનસેવકની ભૂમિકા અને જવાબદારી નિભાવવાના બદલે ,લોકતંત્રની મશ્કરી કરતા હોય એમ સરકારી કચેરીઓમાં આવેલ, જમા થયેલ સરકારી રેકોર્ડ માહિતી છુપાવીને કરોડો રૂપિયાનો દસ્તાવેજ માહિતી કચેરીઓમાં છુપાયેલો છે ,સચવાયેલો છે ,એ દસ્તાવેજ જાહેર કરવા કરતા છુપાવવા માટે જે તાયફાઓ કરેલ છે. એ છુપાવી લોકશાહીનું ગળું ઘોંટી રહયા છે. તયારે લોકશાહીમાં લોકતંત્રનો પ્રાણ ઘૂંટાઈ રહ્યો છે. આવા તબક્કે આજે તારીખ:૩૦/૦૫/૨૦૨૨ ના રોજ ગુજરાતના તમામ તાલુકા

,જિલ્લા, શહેર, મહાનગરપાલિકા, તલાટી કમમંત્રી, જનસેવકોને ગુજરાતની સાડા છ કરોડ જનતાના પ્રતિનિધિ તરીકે એક આવેદનપત્ર આપેલ છે.

આ જનસેવકો આરટીઆઈ કાર્યકર્તા મિત્રોની વ્યથા, માગણી , આવેદન પત્ર અને આપણો ઠરાવ રાજય સરકારે, શ્રી રાષ્ટ્રપતિજી , રાજયપાલ શ્રીને પહોંચાડશે.

તારીખ:૨૨/૦૫/૨૦૨૨ ના રોજ સુરતના આંગણે આંગણે સર્વસંમતિથી ૧૦૦૦ કરતાં વધુ આરટીઆઈ કાર્યકર્તા મિત્રો દ્વારા જે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જનતાએ જે માંગણી કરી હતી એ આવેદનપત્ર શબ્દેસ: તમામ જિલ્લાઓમાં વિશાળ સમૂહમાં આરટીઆઈ કાર્યકર્તા મિત્રોએ એકસાથે એક સમયે જિલ્લા કલેકટર થી માંડીને તલાટી-કમ-મંત્રી સુધી આવેદન પત્ર રજૂ કર્યું હતું.

જે મુદ્દા બાકી રહી ગયા છે એ હવે ફરી એકવાર સામુહિક રીતે ચર્ચા કરી રજુ કરવામાં આવશે.

મુખ્ય મુદ્દા:

૧.આરટીઆઈ એકટ મુજબ જ આયોગ કમિશનર દ્વારા નિર્ણય લેવામાં આવે.

૨. માહિતી કમિશનરો કાયદાનું પાલન કરે.

૩. જેમની ઊપર જીવલેણ હુમલા થયાં છે એમને આજીવન રક્ષણ મળે.

૪. માહિતી અધિકાર હેઠળ માહિતી માગવા માટે જે મનસ્વી નિર્ણય લીધો છે અને માહિતી માંગવા પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે એવાં કમિશનરોને દૂર કરવામાં આવે.

૫. તમામ જાહેર સેવા સત્તા મંડળના પ્રવેશ દ્વાર તમામ જવાબદાર માહિતી અધિકારી, અપિલ અધિકારીના નામ બોર્ડ મૂકવામાં આવે.

૬. ૨૦૦ ૩૦૦ કરોડનો ભ્રષ્ટાચાર છુપાવવા સામે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવે.

૭.અપિલ અને ફરિયાદનો વિડિયો રેકોર્ડિંગ કરી જાહેર કરવામાં આવે.

૮.જાહેર સેવા સત્તા મંડળના નોકરોનું કામ ફરજ સમય અવધિ મર્યાદા જવાબદારીઓ ફરજ જાહેર કરવામાં આવે.

૯. જાહેર સેવા સત્તા મંડળના નોકરોની, કચેરીની વહીવટી વ્યવસ્થા જાહેર કરવામાં આવે.

૧૦.જો જાહેર સેવા સત્તા મંડળના દફતરે માહિતી મોજુદ નથી , ઉપલબ્ધ નથી તો તાકીદે માહિતી ગુમ થઈ એની નોંધ લેવી જોઈએ અને પોલીસ કેસ દાખલ કરવામાં આવે.

૧૧.માહિતી અધિકાર હેઠળ માહિતી માગનારની તમામ અરજીઓ નિકાલ કરી જાહેર કરવામાં આવે.

૧૨.જે માહિતી સ્વયંભૂ ફરજ બજાવી જાહેર કરવાની છે તે દર વર્ષે લેખીત ઓન લાઈન અને ઓફ લાઈન જાહેર કરવામાં આવે.

૧૩.દર વર્ષે, દર ત્રણ મહિને જાહેર સેવા સત્તા મંડળના માહિતી અધિકારી અનેઅપિલ અધિકારીઓ આરટીઆઇ એકટ મુજબ પોતાની વ્યક્તિગત વિગત અને કાયેવાહી, રેકર્ડ લેખીત જાહેર કરે.

૧૪.માહિતી અધિકાર કાયદો જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે તો એ આરટીઆઇ એકટ મુજબ માહિતી અધિકારી, અપીલ અધિકારી અને માહિતી કમિશ્નર રાજ્ય સરકાર આયોગ કમિશનરની કાયદા જોગવાઈ મુજબ નિમણૂક કરવામાં આવે.

આ કમિશનરોની સુનાવણીનું વિડિયો રેકોર્ડિંગ જાહેર કરવામાં આવે.

ગુજરાતનાં કોઈ પણ વ્યક્તિને આરટીઆઇ એકટ કે કોઈ પણ અધિકાર ( માહિતી, શિક્ષણ, મહિલા, રોજગાર, સુરક્ષા, આરોગ્ય) બાબતે કોઈ પણ પ્રકારની મદદ જરૂર હોય તો ૯૯૦૪૦ ૧૨૧૬૯ ઉપર કોલ કરી મદદ મેળવી શકે છે.

કોઈ પણ પ્રકારની ફી સભ્ય ચાર્જ વસુલ કરવામાં આવતી નથી.

દિપક પટેલ શિક્ષક સુરત
આરટીઆઇ એકટ રીફોર્મ મૂવમેન્ટ ઈન્ડિયા.

**ગરીબ કલ્યાણ સંમેલન-જન કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંવાદ**

# અમદાવાદ જિલ્લામાં પીરાણા ખાતે જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં પ્રભારીમંત્રી શ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિ

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની અધ્યક્ષતામા રાષ્ટ્ર કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમા વડાપ્રધાન શ્રી એ હિમાચલ પ્રદેશના સિમલા ખાતે ઉપસ્થિત રહીને રાષ્ટ્રવ્યાપી સંબોધન તથા લાભાર્થીઓ સીધો સંવાદ કર્યો હતો.

અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ ભાઈ પટેલે દસ્ક્રોઇ તાલુકા સ્થિત નિષ્કલંકી નારાયણ ધામ થી જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને લાભાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ગરીબ કલ્યાણ મહાસંમેલનમાં મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સંવેદનાપૂર્ણ કહ્યું કે, લોકોને આજે પોતાની સરકાર હોવાની પ્રતીતિ થઈ રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની સરકાર આજે દેશના અબાલવૃદ્ધ નાગરિકો સહિત સમાજના દરેક વર્ગને આવરી લેતો સમતોલિત વિકાસ આદર્યો છે. જેના પરિણામે યોજનાકીય લાભો શહેરી વિસ્તારો પૂરતા સીમિત ન રહીને દેશના દૂર-સુદુર, અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારો સુધી પહોંચતા થયા છે. અગાઉની સરકારમાં યોજનાઓ કાગળ પર બનતી અને કાગળ પર જ પૂરી થઈ જતી હતી જ્યારે આજે દેશની તિજોરીનો પૈસો દેશના નાગરિકોના લાભાર્થે સંપૂર્ણપણે ઉપયોગ થઇ રહ્યો છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યમાં ઓક્ટોબર-૨૦૨૨ સુધીમાં દરેક ઘરમાં નલ થી શુદ્ધ પીવાનું જલ પહોંચતું થશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મક્કમતાપૂર્વક કહ્યું હતું. તેમણે આ પ્રસંગે આરોગ્ય ક્ષેત્રે રાજ્ય સરકારના નવતર અભિગમ અંગે જણાવતા કહ્યું કે, રાજ્યના વરિષ્ઠ નાગરિકોને ઘરે બેઠા બ્લડ ટેસ્ટીંગની સુવિધા, આદિજાતિ અને દુર્ગમ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહોંચતી કરવા મોબાઈલ એમ્બ્યુલન્સ સેવા તેમજ ટેલી-રેડિયોલોજી, ટેલી-આઇ.સી.યુ. જેવી ટેલીકન્સલ્ટીગ સેવાઓથી ઘરે બેઠા આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાની પહેલ હાથ ધરવામાં આવી છે.

મંત્રીશ્રીએ આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મુખ્યમંત્રીપદના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં ગરીબોના ઉત્થાન અર્થે ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરી હોવાનું જણાવી વચેટિયા રાજ નાબૂદ કરીને વંચિતો, જરુરીયાતમંદ ગરીબોને હાથોહાથ અભિયાન સંકલ્પ જાહેર કરવામાં આવ્યો છે. પાયાની સુવિધાઓ આપીને ગામડાઓને શહેર સાથે જોડવામાં આવ્યા છે.

અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવાસ મિત્ર હેલ્પલાઇન નંબર - ૮૧૪૧૦૨૨૨૩૩ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત અમદાવાદ જિલ્લાના ૨.૧૪ લાખ ખેડૂતોના ખાતામાં ૧૧ મો હપ્તો જમા થયો હતો આ કાર્યક્રમમાં મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા અમદાવાદ જિલ્લાના લાભાર્થીઓને ઘરની ચાવી, ગેસ કિટ અને મંજૂરી હુકમપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

મંત્રી શ્રી એ આ પ્રસંગે લાભાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો. કેન્દ્ર સરકારશ્રીની મુખ્ય ૧૩ યોજનાઓ ૧. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ અને શહેરી), ૨. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, ૩. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, ૪. પોષણ અભિયાન, ૫. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, ૫. સ્વચ્છ ભારત મિશન, ૬. જળ જીવન મિશન અને અમૃત, ૮. પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના, ૯. એક રાષ્ટ્ર એક રેશનકાર્ડ, ૧૦. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, ૧૧. આયુષ્યમાન ભારત- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ૧૨. આયુષ્યમાન ભારત આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર, ૧૩. પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના લાભાર્થીઓને ગરીબ કલ્યાણ સંમેલન અંતર્ગત સામેલ કરવામાં આવી છે.




હાથ લાભ પહોંચાડ્યા હોવાનું ઉમેર્યુ હતું. જેના પરિણામે આજે રાજ્યનો ગરીબ નાગરિક પણ પગભર બનીને સમાજમાં ગૌરવભેર જીવી રહ્યો છે.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે આયુષ્માન ભારત, નલ સે જલ , ઉજ્જવલા યોજના, કિસાન સન્માન નીધિ,મુદ્રા યોજના તેમજ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ક્ષેત્રે રાજયમા થયેલ કામગીરી, લાભાન્વિત થયે લાભાર્થીઓની લાગણીઓ લોક સમક્ષ રજૂ કરી હતી. દસક્રોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલે જણાવ્યું હતું કે , છેવાડાના માનવીની આરોગ્ય,ખેતી, વીજળી,પાણી અને રાશન જેવી અનેક પાયાની સુવિધાઓની ચિંતા કેન્દ્ર અને રાજ્ય સરકારે કરી છે. લાભાર્થીઓને એમના હકની મળતી સહાય ખૂબ ઝડપથી મળે એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

લાભાર્થીઓને એક જ જગ્યાએથી અનેક યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી ગરીબ કલ્યાણ મેળા અને સેવા સેતુ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે તેમ ઉમેરતા ધારાસભ્યશ્રી એ વધુમાં કહ્યું હતું કે દરેક વ્યક્તિ સશક્ત બને એ માટે આત્મનિર્ભર ભારત

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ જિલ્લામાં વન નેશન વન રાશનકાર્ડ યોજનામાં ૧,૦૫,૨૨૮ લાભાર્થીઓ,

ગરીબ કલ્યાણ અન્ન યોજના - અમદાવાદ શહેર - ૩૨૪૫૩૭/ ગ્રામીણ - ૧૮૧૪૬૯, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના -

૧૪૧૪૯૭,જલજીવન મિશનમાં ૪૮૧ ગામને લાભ, પ્રધાનમંત્રી મુદ્રા યોજના - ૧૩૪૪૦૫, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં -૨૯૭૦ આવાસ મંજુર, સ્વચ્છ ભારત મિશનમા ૧,૨૧,૮૪૯ શૌચાલયનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે

આ પ્રસંગે અમદાવાદ જિલ્લાના ધારાસભ્ય સર્વ શ્રી બલરામ થાવાણી, સુરેશ પટેલ, કિશોર ચૌહાણ , જિલ્લા અગ્રણી શ્રી હર્ષદગીરી ગોસ્વામી, કલેકટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ ધામેલીયા,પદાધિકારીશ્રીઓ , અધિકારીશ્રીઓ, સરપંચશ્રીઓ, તલાટીશ્રીઓ સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્પે.એજ્યુકેટરની ભરતીમાં વય મર્યાદાના કારણે ઉમેદવારોમાં નારાજગી

(બનાસકાંઠા અહેવાલ)

સમગ્ર શિક્ષા શિક્ષણ વિભાગ અંતર્ગત જિલ્લાઓમાં કલસ્ટર કક્ષાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે જુદી જુદી ૩ કેટેગરીમાં કુલ ૧૫૦૦ જગ્યાઓ માટે સ્પે.એજ્યુકેટરની ભરતીની જાહેરાત તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલ છે પરંતુ આ ભરતીમાં ૩૨ વર્ષ સુધીના જ ઉમેદવાર ફોર્મ ભરી શકે છે તેનાથી ગણા બધા ઉમેદવાર સાથે અન્યાય થઈ રહ્યો છે કારણ કે આ ભરતી ૧૦ વર્ષ બાદ બહાર પાડવામાં આવેલ છે

જેનાથી ગણા ઉમેદવારની ઉંમર વધી ગયેલ છે જેઓ આ ભરતીમાં ફોર્મ નથી ભરી શકતા મળતી માહિતી મુજબ અગાઉ પ્રસિદ્ધ કરેલ જાહેરાતમાં ૪૫ વર્ષની વય મર્યાદા રાખેલ હતી આ ભરતીમાં પણ ૪૫ વર્ષ સુધીની વય મર્યાદા કરવામાં આવે તેવી ઉમેદવારોની માંગ છે આ બાબતે અખિલ ગુજરાત સંકલિત શિક્ષણ શિક્ષક મંડળ દ્વારા પણ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ છે સાથે સાથે (VI ) અને ( HI) કેટેગરી નો પણ સમાવેશ કરવામાં આવે તેવી પણ ઉમેદવારોની માંગ છે .

## મહીસાગર જીલાના તમામ વી.સી.ઇ. આપશે સામુહિક રાજીનામું.

છેલ્લા ૧૫દિવસથી હડતાળ પર ગયેલા વી.સી.ઇ.પંચાયત ઓપરેટરો ૨૮ તારીખે મહીસાગર કલેક્ટરને આપશે સામુહિક રાજીનામુ.તા.૧૧થી સરકાર તથા ઇ ગ્રામ સોસાયટી સામે પોતાની પડતર માંગણીઓ ને લઇ હડતાળ પર ગયેલા જીલાના આશરે ૩૦૦ થી વધુ વી.સી.ઇ.પોતાની માંગણી નહીં સંતોષતા આગામી સિવસોમાં સામુહિક રાજીનામુ આપશે.સરકાર દ્વારા હડતાળને તોડી પાડવા સતત વહીવટીતંત્ર ના દબાણ અને ધાક ધમકીઓ આપવા છતાં પણ પોતાની માગણિયો ને લઈ અડગ રહી અંતે સરકારસામે તા.૨૮ના રોજ જીલાના તમામ તાલુકાના વી.સી.ઇ.પોતાના પરિવાર સાથે જિલા કલેક્ટરને આપશે સામુહિક રાજીનામુ..છેલ્લા ૧૬ વર્ષથી માત્ર કમિશન બેજપર કામ કરતા વી.સી.ઇ .જે ગ્રામ પંચાયતની સરકારની વિવિધ યોજનાનો પ્રજાને સીધો લાભ આપતા આ પાયાના કર્મચારીને બે.પોચ રૂપિયાના કમિશનમાં પોસાતું ન હોય સરકાર સામે ફિક્સ વેતન જોબ સિક્યુરિટી તથા વીમા કવચ જેવી માંગણીઓ ને સરકાર સામે માંગણી છતો કોઈ ઉકેલ આવેલ નહોય આ તમામ કર્મચારી આપશે સામુહિક રાજીનામુ..

હાલ જિલાની વાત કરીએતો તમામ ઇ ગ્રામ સેન્ટરોબંધ હાલત માં છે ત્યારે ગામ લોકોને ૭/ ૧૨ ૮અ. આવકના દાખલા તેમજ રેશનિંગ કાર્ડ.વિધવા સહાય જેવી મહત્વની કામગીરી ખોરંભેચડી છે ત્યારે સરકારે કોઈ નિર્ણય લઈ આલોકોની માંગણી સંતોષવી જોઈએ.સરકાર ડિજિટલ ગુજરાતની મોટી મોટી વાતો કરતી હોય પણ અત્યારે આ ડિજિટલ ગુજરાતના કર્મચારીની હાલત કફોડી છે.

## પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમના લાભાર્થી સાથે ઓનલાઈન સંવાદ કાર્યક્રમ યોજાયો



કોરોના મહામારીમાં માતા-પિતા ગુમાવનાર બાળક માટે વડાપ્રધાનશ્રી દ્વારા ૨૯ મે ૨૦૨૧ ના રોજ ''પીએમ કેર ફોર ચિલ્ડ્રન'' યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો ઉદેશ કોવિડ-૧૯ મહામારીના કારણે જે બાળકોએ માતા- પિતા ગુમાવ્યા છે આવા બાળકોને આરોગ્ય વીમા,શિક્ષણ અને આર્થિક સહાય દ્વારા તેને સક્ષમ બનાવવા અને આત્મનિર્ભર બનાવવા સજ્જ કરવા માસિક સહાય અને ૨૩ વર્ષેની ઉમરે રૂપિયા ૧૦ લાખની સહાય અપાશે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૦૫ બાળકોને આ યોજના હેઠળ આરોગ્ય, શિક્ષણ અને આર્થિક સહાયના લાભ મેળવી રહ્યા છે.

પી.એમ.કેર્સના બાળકોની ૧૮ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી કેન્દ્ર સરકારની સ્પોન્સરશીપ યોજના અંતર્ગત માસિક રૂ.૨૦૦૦ તેમજ દર વર્ષે રૂ.૨૪,૦૦૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે. અનાથ થયેલ બાળકોને એક્સ ગ્રેટિયા સહાય અંતર્ગત રૂ.૫૦,૦૦૦ ચૂકવવામાં આવેલ છે. પીએમ કેર્સના બાળકોને પ્રી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવેલ છે.

પી.એમ.કેર્સના બાળકોને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે અને તેમને ૫ લાખ રૂપિયાનો હેલ્થ વીમા કવર મળશે. મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત અનાથ બાળકોને માસિક રૂ.૪૦૦૦ લેખે વાર્ષિક ૪૮,૦૦૦ ડી.બી.ટી. દ્વારા તેમના સીધા જ બેંક ખાતા સહાય ચૂકવવામાં આવે છે.

-મનીષા પ્રધાન

**અમીરગઢ પોલિસ ની પ્રસંસ્નિય કામગીરી.**

## અમીરગઢ બોર્ડર પરથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઇ : ૪૩.૪૨ લાખના મુદ્દામાલ સાથે ચાલક ને દબોચી લિધો

બનાસકાંઠા સમાચાર

રિપોર્ટ : દીલીપ ગોહીલ

અમીરગઢ બોર્ડર પર પોલીસ ટીમ દ્વારા વાહન ચેકિંગ કરી રહ્યા હતા તે દરમિયાન રાજસ્થાનમાંથી ગુજરાતમાં મોટી માત્રામાં ટ્રક મારફતે ભારતીય બનાવટની વિદેશી દારૂ ઘૂસાડવામાં બુટલેગરો અવનવી તરકિબો અજમાવી રહ્યા છે. પરંતુ અમિરગઢ પોલિસ આવા બુટલેગરો ની તરકિબોને નિસ્ફળ બનાવવા રાત દિવસ ખડેપગે રહી ફરજ નિભાવી રહી છે. જે ખરેખર પ્રસંસ્નિય કહેવાય.તે આજ રોજ અમીરગઢ પોલીસે ચેકિંગમાં એક ટ્રકમાંથી મોટી માત્રામાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ૪૯૦ પેટી અને ટ્રક સહિત ૪૩.૪૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક શખ્સની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.



ગુજરાતનો બનાસકાંઠા જિલ્લો એ રાજસ્થાની સરહદને અડીને આવેલો જિલ્લો હોવાના કારણે અનેકવાર રાજસ્થાનમાંથી બુટલેગરો દ્વારા ગુજરાતમાં અવનવા કીમિયા અપનાવી મોટી માત્રામાં દારૂ પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે બીજી તરફ ગુજરાતમાં દારૂબંધી હોવાથી પોલીસ દ્વારા ગુજરાતમાં રાજસ્થાનથી ભારતીય બનાવટીનો વિદેશી દારૂ ઘુસાડવા આવતો અટકાવવા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ત્યારે આજે અમીરગઢ પોલીસ દ્વારા અમીરગઢ પાસે આવેલ બોર્ડર પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન એક ટ્રકમાં ભારતીય બનાવટીનો વિદેશી દારૂ રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશ કરવામાં આવી રહ્યો હતો તેને અટકાવી ટ્રકમાં તલાસી લેતા ટ્રકમાં દારૂની ૪૯૦ પેટી મળી આવેલ જે બાદ પોલીસે દારૂ સહિત ૪૩.૪૨ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસામાં તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને યુવાનની કરપીણ હત્યાથી ચકચાર.

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

ડીસાના નેહરુનગર ટેકરા વિસ્તારમાં આવેલ સરકારી આવાસના નીચાણવાળા ભાગમાં એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. ઘટનાના પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. બનાસકાંઠા જિલ્લામાં ક્રાઈમની ઘટના દિન-પ્રતિદિન વધી રહી છે ત્યારે જિલ્લાની આર્થિક પાટનગરી ગણાતા ડીસા શહેરમાં આવેલા નહેરુનગર ટેકરા વિસ્તારમાં રહેતા નવીન ઉર્ફે નનીકો બાબુભાઈ માજીરાણાની સરકારી આવાસ યોજનાની બાજુમાં નીચાણવાળા ભાગમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાના પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. યુવકની હત્યા થતાં પરિવારમાં માતમ છવાયો હતો અને પરિવારજનોએ પોતાના પુત્રની હત્યા થઇ હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે. મૃતક યુવક નવીન ઉર્ફે નનિકો બાબુભાઈ માજીરાણાના માથાના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે ઘા મારી કરપીણ હત્યા કરવામાં આવી છે. ઘટનાના પગલે પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતકની લાશને ડીસા સિવિલ પીએમ અર્થે ખસેડી મૃતક યુવકના હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## આહવા ખાતે યોજાયો ડાંગ જિલ્લાનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

આહવા: તાઃ ૩૧

: ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત અને ડાંગ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સંચાલિત, ડાંગ જિલ્લા કક્ષાનો તથા તાલુકા ક્ક્ષાનો ધો-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટેનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, તાજેતરમા આહવાના ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે યોજાઇ ગયો.




આ કાર્યક્રમમા ડાંગ જિલ્લાના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, કાર્યક્રમ કન્વીનર જિલ્લા શિક્ષણાધીકારી શ્રી એમ સી ભુસારા, સહ કન્વીનર એવા જિલ્લા રોજગાર અધિકારી શ્રી વિનોદ ભોયે, સરકારી પોલીટેકનીક-વઘઈના આચાર્ય શ્રી કેતન પટેલ, સુબિર્ ના આચાર્યશ્રી પી.આર.પટેલ, પશુપાલન અધિકારી શ્રી હર્ષદ ઠાકરે, આહવા તાલુકાની તમામ શાળાઓના આચાર્યશ્રીઓ શિક્ષકશ્રીઓ, તથા વાલીઓની હાજરીમા કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ વેળા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયુ હતુ. ત્યાર બાદ રાજ્ય કક્ષાના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ નિહાળી, સૌ ઉપસ્થિતજનોએ મુખ્યમંત્રીશ્રીનો વિડીયો સંદેશ, શિક્ષણ મંત્રીશ્રીનો વિડીયો સંદેશ, તથા તજજ્ઞ દ્વારા અપાયેલુ માર્ગદર્શન મેળવ્યુ હતુ.

સ્થાનિક ક્ક્ષાએ મુખ્ય તજજ્ઞ વક્તા તરીકે બીલીમોરાના સર્વશ્રી મિતેશ મિસ્ત્રી, ચંદ્રશેખર ગામીત, કેતન પટેલ વિગેરેએ કારકિર્દી માર્ગદર્શન વિષે માહિતી આપી હતી. ધારાસભ્યશ્રીએ ઉપસ્થિત વિદ્યાર્થી, વાલી, અને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. આહવા નગર, અને તાલુકાની માધ્યમિક શાળાઓને કારકિર્દી વિશેષાંક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના હસ્તે ભેટ અપાયો હતો. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન જિલ્લા શિક્ષણાધીકારીશ્રીના માર્ગદર્શન હેઠળ, સુબીરના ઝઇઝ હિતેશભાઈ સોડીયાએ કર્યુ. આભારવિધિ સરકારી માધ્યમિક શાળા, આહવાના ગ્રંથપાલ શ્રી દતાત્રેય મોરેએ કરી હતી. અંતે રાષ્ટ્રગાન કરીને કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લાબ્યુરો

## ડાંગ જિલ્લામા આહવા તથા વઘઇ ખાતે યોજાયા ગરીબ કલ્યાણ સમેલનો , ૧૧૦૦ લોકોએ કાર્યક્રમનો લાભ લીધો

આહવા: તા; ૨૩;

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળના આઠ વર્ષ પૂર્ણ થતા, વડાપ્રધાનશ્રીના નામ સાથે જોડાયેલી કેન્દ્ર સરકારની ૧૩ જેટલી પ્રજા કલ્યાણની યોજનાઓના લાભો સહિત વંચિતો, ગરીબોના કલ્યાણના સંકલ્પ સાથે યોજાયેલા ગરીબ કલ્યાણ સંમેલનનુ આયોજન કરાયુ છે તેમ જણાવતા, ડાંગના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલે, સામાન્ય માનવીઓને સ્પર્શતી આ યોજનાઓથી જરૂરિયાતમંદ લાભાર્થીઓના જીવન ધોરણમા આમૂલ પરિવર્તન આવ્યુ છે તેમ જણાવ્યુ હતુ.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત પ્રજાજનોને અપાતા મફત અન્ન વિતરણની વિગતો આપતા, અન્ન પુરવઠા વિભાગના મંત્રી શ્રી નરેશભાઈ પટેલે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, શૌચાલય જેવી માનવિય સંવેદના સાથે જોડાયેલી યોજનાઓ પાછળની ભાવનાને, સાચા અર્થમા સમજીને પ્રજાજનોએ પોતાનુ જીવન ધોરણ બદલવાની દિશામા પ્રયાસ કરવો જોઈએ તેમ જણાવ્યુ હતુ.

મંત્રીશ્રીએ પ્રજાજનોને સમય સાથે બદલાવને સ્વીકારી પોતાની સંસ્કૃતિ, અને પરંપરાના જતન સંવર્ધન સાથે વિકાસને પણ અપનાવવો પડશે તેમ જણાવ્યુ હતુ. ભૂતકાળમા માર્ગો, વીજળી, પાણીની સ્થિતિનો ચિતાર આપતા મંત્રીશ્રીએ ખાસ કરીને માર્ગ વિકાસ માટે રાજ્યભરમા માર્ગોનુ સુગ્રથિત નેટવર્ક ઉભુ કરીને, ભાવિનો વિચાર કરીને યોજનાઓનુ અમલીકરણ થઈ રહ્યુ છે તેમ જણાવ્યુ હતુ.

આયુષ્યમાન ભારત હેલ્થ કાર્ડની ઉપયોગીતા, અને જરૂરિયાતનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ, કોરોના કાળથી શરૂ કરીને અત્યાર સુધી, દેશના પ્રજાજનોને વિનામૂલ્યે અનાજ આપવાનુ ભગીરથ કાર્ય ભારત સરકાર કરી રહી છે તેમ જણાવ્યું હતુ. કોરોના વેકસીનની સ્વદેશી શોધ કરીને ભારતે તેની સર્વોપરિતા સિદ્ધ કરી છે તેમ જણાવી પ્રભારી મંત્રીશ્રીએ, રાજય અને કેન્દ્ર સરકારની દ્રઢ ઈચ્છાશક્તિને કારણે, કોરોના કાળમા પણ પ્રજાજનોનુ રક્ષણ કરીને સરકાર સાચા અર્થમા આત્મનિર્ભર બની છે તેમ જણાવ્યુ હતુ. નાનામા નાની ચીજવસ્તુઓની આયાત કરતો દેશ આજે નિકાસ કરીને દુનિયાભરમા મેઈક ઇન ઇન્ડિયા, મેઈડ ઇન ઈન્ડિયાનો ડંકો વગાડી રહ્યો છે તેમ જણાવ્યુ હતુ. વાંસમાંથી બનતી વિવિધ ચીજવસ્તુઓની સાચી સમજ મેળવવા માટે ડેડીયાપાડાની મુલાકાત લેવી રહી તેમ જણાવતા મંત્રીશ્રીએ વાંસની ઉપલબ્ધતા બાબતે પણ વડાપ્રધાનશ્રીએ દુરંદેશીપૂર્ણ નિર્ણય લીધો છે તેમ જણાવ્યુ હતુ.

નવા ભારતના નિર્માણની દિશામા કાર્ય કરતા વડાપ્રધાનશ્રીની દુરંદેશીનો ખ્યાલ આપતા મંત્રીશ્રીએ, બદલાતા ભારતની તસવીરનો ચિતાર રજુ કર્યો હતો. યોજનાકીય લાભો DBT થી સીધા લાભાર્થીઓના બેંક ખાતામા જમા કરવાની નવતર પહેલ કરીને સરકાર, પારદર્શિતા સાથે પ્રજાહિતના કાર્ય કરી રહી છે ત્યારે સૌના સાથ, સૌના વિકાસની દિશામા સૌને આગળ વધવાની હિમાયત કરી હતી. ચૂંટણી ટાણે જ ડેમનો સુર આલાપતા કેટલાક લોકો પ્રજાજનોને ગેરમાર્ગે દોરીને, પોતાનો રાજકીય રોટલો શેકી રહ્યા છે તેમ પણ તેમણે આ વેળા જણાવ્યુ હતુ. પાણીની મુશ્કેલી સામે ઝઝૂમી રહેલા ડાંગ જેવા દુર્ગમ પ્રદેશમા પાણીના અભાવે શૌચાલય અને પશુપાલન જેવા અનેકવિધ કાર્યો ખોરંભે પડી રહ્યા છે ત્યારે, વરસાદી પાણીને વહી જતુ રોકીને અહીંની પાણીની જરૂરિયાત સંતોષી શકાય તેમ છે તેમ તેમણે ઉમેર્યું હતુ.

નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લા બ્યુરો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.